


બાપુની છબી

કાકા કાલેલકર

VISIT…


LANZAROTE

Caliente.COM

બાપુની છબી

કાકા કાલેલકર

સંપાદક
મહેન્દ્ર મેઘાણી



લોકમિલાપ ટ્રસ્ટ

આવૃત્તિ 1 : 1998, જાન્યુઆરી 30 : 50મી ગાંધી-પુણ્યતિથિ

રૂ. 10
10 નકલના રૂ. 80 : 100 નકલના રૂ. 700
[10 કે વધુ નકલના રવાનગી-ખરચ સાથે]

પૂઠા પરની છબી
ગાંધીજી : 1946
[સુમતિ મોરારજીના સૌજન્યથી]

પ્રકાશક : ગોપાલ મેઘાણી
લોકમિલાપ ટ્રસ્ટ, પો. બો. 23 (સરદારનગર), ભાવનગર 364001
ફોન : (0278) 566402

મુદ્રક : અપૂર્વ આશર
ઇમેજ સિસ્ટમ્સ, 301, વૈભવી કોમ્પ્લેક્સ, ફતેહપુરા પોલીસચોકી પાછળ,
પાલડી, અમદાવાદ 380007. ફોન : 661 0441

અર્પણ

દક્ષિણ આફ્રિકાના અરણ્યમાંની
ગાંધીજીની ઘોર તપસ્યાની અવિસ્મરણીય છબી
'જીવનનું પરોઢ'માં આલેખનાર
પ્રભુદાસ ગાંધીની પુણ્યસ્મૃતિને

ક્રમ

સંપાદકનું નિવેદન

આ ચોપડીનું શ્રેય એક રીતે શ્રી રવીન્દ્ર કેળેકરના 'કાકા કાલેલકર સાથે વિવિધ વાર્તાલાપો'ને જાય છે. એક પચ્ચીસી પહેલાં બહાર પડેલા એ પુસ્તકમાં, શ્રી ઉમાશંકર જોશી તેના પ્રવેશકમાં કહે છે તેમ, ''આધુનિક ભારતના ઇતિહાસના તારતાર સાથે આત્મીયતાથી જોડાયેલી કાકાસાહેબ જેવી વયોવૃદ્ધ સાંસ્કૃતિક વ્યક્તિનું ચિંતન સુરેખ રીતે'' રજૂ થયેલું છે.

હવે અપ્રાપ્ય બનેલું એ સુંદર પુસ્તક ગયે વરસે નવેસર વાંચતાં એવું લાગ્યું કે તે આખું અત્યારે ફરીથી છાપી શકાય તેમ ન હોય, તો છેવટે તેનો સંક્ષેપ પણ વાચકોને મળવો જોઈએ. એવી હોંશથી મેં તેને લગભગ પાંચમા ભાગ જેટલું ટૂંકાવી નાખ્યું. પણ પછી વળી લોભ લાગ્યો કે સાથે સાથે કાકાસાહેબનાં બીજાં પુસ્તકોમાંથી પણ ચિંતનાત્મક અંશોનું સંકલન કરીને તેની સાથે જોડી શકાય તો સારું થાય. એટલે કાકાસાહેબનાં સમગ્ર લખાણોને સમાવતી 'કાલેલકર ગ્રંથાવલિ'ના પંદર ભાગમાંથી કેટલાક ઉથલાવવા માંડ્યા. એ સેંકડો પાનાં વાંચતાં વાચતાં સમજાયું કે એવા સંકલનનું તો મોટું પુસ્તક થઈ જાય એટલી સામગ્રી એ ગ્રંથાવલિમાં પડેલી છે.

મારે તો તૈયાર કરવી હતી કીમત અને કદની દૃષ્ટિએ સામાન્ય વાચકને અનુકૂળ પડે એવી નાની ચોપડી. એટલે પછી 'વિવિધ વાર્તાલાપો'ના મુખ્ય વિષય બની ગયેલા એવા ગાંધીજી વિશેનો ભાગ તેમાંથી તારવી લીધો. શ્રી ઉમાશંકરભાઈએ કહ્યું છે કે, ''કાકાસાહેબે ગાંધીજી વિશે જીવનભર પુષ્કળ લખ્યું છે. પણ આ વાર્તાલાપોમાં ગાંધીજી પ્રત્યે એમનું જે વાત્સલ્ય પ્રગટ થાય છે, એવું ક્યાંય પ્રગટ થયું નથી.'' પ્રેમતરબોળ હૃદયથી કાકાસાહેબે કરેલાં એવાં અન્ય થોડાં લખાણો 'ગ્રંથાવલિ' અને બીજેથી સહેજે મળી શક્યાં તે ઉમેરીને આ પુસતિકા તૈયાર કરી છે.

શ્રી કિશોરલાલ મશરૂવાળાએ છએક દાયકા પહેલાં 'ગાંધીવિચારદોહન' પુસ્તક તૈયાર કર્યું, તેના નિવેદનમાં એમણે લખ્યું છે તે આ ચોપડીના વાચકો પાસે પણ મૂકવા જેવું છે :

ગાંધીજીના લેખોમાં સ્પષ્ટપણે નથી એવું ઘણું આ પુસ્તકમાં છે, એવું ઘણાને લાગશે. હું એમ માનું છું કે કોઈ સત્પુરુષના વિચારોને માત્ર એમનાં પુસ્તકોના અભ્યાસથી પૂરેપૂરા નથી જાણી શકાતા; એમનો સહવાસ જોઈએ. સહવાસ ઉપરાંત એમનું હૃદય સમજવાનો અને એમની સમગ્ર વિચારસરણીના મૂળ પાયા પકડવાનો પ્રયત્ન હોવો જોઈએ. એ પાયા જો હાથ

લાગે, તો એમની આખી વિચારસ્રુશ્ટિ, જેમ ભૂમિતિમાં એક સિદ્ધાંતમાંથી બીજા સિદ્ધાંતો નીકળે છે તેમ, દેખાતી આવે. ગાંધીજીને સમજવાનો મારો પ્રયત્ન આ રીતનો છે.

કાકા કાલેલકરના અહીં રજૂ થતાં લખાણમાં પણ એ કોટિનો એક પ્રયત્ન આપણને જોવા મળશે. વળી ગાંધીજીના જીવનના વિવિધ પ્રસંગોમાંથી એમના વિચારો અહીં ઊપસે છે, અને કાકાસાહેબની સમર્થ વાણીમાં તે આલેખાયેલા છે, એટલે તેનું વાચન અત્યંત રસિક બને છે.

જેમ ગાંધીજી સાથેના કાકાસાહેબના સહવાસનો અને એમનું હ્રુદય સમજવાના પ્રયત્નનો, તેવી રીતે ખુદ કાકાસાહેબનું હ્રુદય સમજવાના ભાઈ રવીન્દ્ર કેળેકરના પ્રયત્નનો લાભ પણ આપણને અહીં મળે છે. આ પુસ્તિકાના લગભગ અરધા ભાગ જેટલું લખાણ એમના ‘વાર્તાલાપો’માંથી તારવવાની સંમતિ આપવા બદલે એમનો હાર્દિક આભાર માનું છું. એમણે ટાંકેલી કાલેલકર-વાણી ઉપરાંત સીધા કાકાસાહેબનાં જ પુસ્તકોમાંથી લીધેલા અંશો અહીં શામેલા કરવાની રજા આપવા બદલ નવજીવન ટ્રસ્ટનો પણ આભાર માનવાનો છે.

ભારતને સ્વરાજ મળ્યાને હમણાં પચાસ વરસ પૂરાં થયાં. એ સ્વરાજની મંઝિલ સુધી આપણને અખૂટ પ્રેમ અને ધીરજથી દોરી જનાર રાશ્ટ્રપિતાને સ્વતંત્રતાના સૂર્યોદયની ઘડીએ જ આપણે ખોઈ બેઠા, તેને પણ અરધી સદી વીતવા આવી. હિમાલયના ઉત્તુંગમાં ઉત્તુંગ શિખર સમા અદ્ભુત એમના જીવનનું અને એવા જ ભવ્ય એમના વિચારોનું જરીક દર્શન પર્વતાધિરાજ ગાંધીની આસપાસની શિખર-મંડળી પૈકી એકની ઉપર ઊભાં રહીને જાણે કરતાં હોઈએ, એવી ધન્યતાનો અનુભવ કાકાસાહેબની આ ચોપડી વાંચતાં થશે, એવી આશા છે.

ઈશુ જયંતી, 1997 **મહેન્દ્ર મેઘાણી**

કાકા કાલેલકર અને કિશોરલાલ મશરૂવાળા જેવા વિદ્વાન કેળવણીકારોએ પ્રબોધેલી લિપિ-સુધારણાનો અમલ લોકમિલાપનાં પ્રકાશનોમાં થાય છે. તેની વિગતવાર સમજણ આપતી પુસ્તિકા વિનામૂલ્યે આ સરનામેથી મળશે :
લોકમિલાપ, પો. બો. 23, ભાવનગર 364001.

જીવનરસથી ભર્યું ભર્યું

દુનિયાના સાહિત્ય-અિતિહાસોમાં સ્વભાશા સિવાયની ભાશાના સાહિત્યમાં અમર સ્થાન મેળવનારાઓનાં ગણ્યાંગાંઠ્યાં દ્રુશ્ટાંતો મળે છે. કાકાસાહેબ તેમાંનું એક છે. જન્મે મરાઠીભાશી કાકા કાલેલકર ગુજરાતી ભાશામાં અમર રહેશે.

એમનાં લખાણો ન વાંચ્યાં હોય એવો ભાગ્યે જ કોઅી ગુજરાતી સાહિત્યપ્રેમી હશે. એમનાં હિમાલય અને બ્રહ્મદેશના પ્રવાસનાં વર્ણનો, હિંદની નદીઓનું અુપસ્થાન કરતો ‘લોકમાતા’ નામે રસપ્રવાહ, કીડી મંકોડા ને કાગડા-બિલાડા, ઝાડ-પાંદડાં ને વાદળ-તારા જોડેની ગોઠડી વર્ણવતી ‘ઓતરાતી દીવાલો’, શૈશવકાળનાં બહુરંગી પરાક્રમો અને તોફાનો સુરેખપણે રજૂ કરતી ‘સ્મરણયાત્રા’—એ બધાં પુસ્તકો ગુજરાતી-પ્રેમીઓનાં માનીતાં થઅી પડ્યાં છે. કાકાસાહેબનો સર્વાનુમતે ગૌરવગ્રંથ ‘જીવનનો આનંદ’ પ્રક્રુતિ વિશેના લઘુનિબંધોનો સંગ્રહ છે. એમનું કેટલુંક લખાણ અત્યંત સમ્રુદ્ધ એવા ગુજરાતી ગદ્યના એક સુચારુ શિખર સમું દીપી રહેશે.

‘આપણી કવિતા-સમ્રુદ્ધિ’ના પ્રવેશકમાં નર્મદથી શરૂ થતા અર્વાચીન ગુજરાતી સાહિત્યના દસ અુત્તમ ગદ્યકારોનાં નામ બ. ક. ઠાકોર 1930માં ગણાવે છે. એમણે મહાન સાક્શર ગદ્યકારોનો અુલ્લેખ તો કર્યો જ, પણ તે સાથે મહાત્મા ગાંધી અુપરાંત એમના સાથીઓમાંથી કાકા કાલેલકર અને કિશોરલાલ ઘ. મશરૂવાળાનાં નામ આપ્યાં.

*

કાકાસાહેબનું ગદ્ય પ્રક્રુતિચિત્રણમાં અને પ્રવાસવર્ણનમાં અપૂર્વ સર્જકતાથી ખીલી અૂઠે છે. ભૂગોળના રસિયા તેવા જ ખગોળની સૌંદર્યસમ્રુદ્ધિના પણ તરસ્યા. ભારતયાત્રી કાલિદાસ પછી સ્વદેશની પ્રક્રુતિશ્રીનું આકંઠ પાન કરનાર અને એને શબ્દબદ્ધ કરનાર કાકાસાહેબ જેવા ઓછા જ પાક્યા હશે. એમનું ગદ્ય અનેક વાર કાવ્યની કોટિએ પહોંચે છે.

આપણા સાહિત્યમાં કાકાસાહેબનું નામ ચિરંજીવ રહેશે. ગુજરાતી ગદ્યનો જે અદ્ભુત વિકાસ થયો છે, તેમાં કાકાસાહેબનો ફાળો ગુણવત્તા અને ગ્રંથસંખ્યાની દ્રુશ્ટિએ વિપુલ છે. ગુજરાતી ભાશાનો એકનો એક જોડણીકોશ તૈયાર કરવા પાછળ વપરાયેલી એમની શક્તિ અવિસ્મરણીય રહેશે. ગુજરાતીઓ એમને એક જંગમ વિદ્યાપીઠ તરીકે ઓળખે છે.

ગાંધીજીએ દક્શિણ આફ્રિકાથી સ્વદેશ પાછા ફરી, 1915માં ગુજરાતમાં આશ્રમ

સ્થાપીને રાશ્ટ્રમુક્તિની લડતને વેગ આપવા માંડ્યો, ત્યાં દેશમાંથી અનેક તેજસ્વી યુવકો આવીને એમની સાથે જોડાયા. ત્રીસ વરસના દત્તાત્રેય બા. કાલેલકર કવિવર રવીન્દ્રનાથના શાંતિનિકેતનમાં અધ્યાપનકાર્ય કરતા હતા. ત્યાં જ એમને ગાંધીજીનો ભેટો થયો અને એમની પ્રત્યે તેઓ આકર્શાયા, અને પછીથી અમદાવાદ જઈને રહ્યા. ગાંધીજીના નિકટના અંતેવાસી અને રાશ્ટ્રીય શિક્શણના એક મુખ્ય સાથી એ બની રહ્યા.

ગુજરાતમાં સાબરમતી આશ્રમમાં નાનાં બાળકોને ભણાવવા માંડ્યું, એટલે કાકાસાહેબની સરસ્વતી ગુજરાતી દ્વારા વહેવા માંડી. ‘હિમાલયનો પ્રવાસ’ બાળકો આગળ અનેક વાર કહેવાયો, પછી શબ્દબદ્ધ થયો. ‘સ્મરણયાત્રા’ના પ્રસંગોના પણ પહેલા આસ્વાદકો આશ્રમશાળાના નાના વિદ્યાર્થીઓ. આશ્રમની ઉત્તરે આવેલી સાબરમતી જેલની મહેમાનગતિ પછી ‘ઓતરાતી દીવાલો’ની આનંદકહાણી લખી, એ તો ગાંધીજીની પરિય થઈ પડી. ગુજરાતી પોતાની માત્રુભાશા ન હોવા છતાં તેની સુંદરતા અપૂર્વ રીતે બહાર લાવતા અને પોતાની સારસ્વત મોહિનીથી ગુજરાતના સંસ્કારજીવન ઉપર છાઈ જતા કાકા કાલેલકરને ગાંધીજીએ સવાઈ ગુજરાતી તરીકે બિરદાવ્યા.

*

જુવાનીમાં હિમાલયમાં સ્વામી આનંદ, અનંત બુવા મરઢેકર અને (વચ્ચે વચ્ચે જોડાતા) જીવતરામ ક્રુપાલાની જેવા સાથીઓ સાથે બે હજાર કરતાં વધુ માઈલો પર્યટન કરી જાણે કે ભારતીય સંસ્ક્રુતિના મંદિરના ગર્ભગ્રુહમાં એકધ્યાન રહ્યા.

કેળવણીકાર અને સ્વાતંત્ર્ય-યોદ્ધા તરીકે પોતે આપણા આ વિશાળ દેશના અઠંગ પ્રવાસી હોવા છતાં, સ્વરાજ ન મળે ત્યાં સુધી વિદેશયાત્રાનો સ્વેચ્છાથી નિશેધ પાળ્યો. પણ સ્વરાજ મળ્યા પછી દુનિયાના ખૂણેખૂણે ઘૂમ્યા.

કાકાસાહેબે લખ્યું ખૂબ, છતાં પૂછો તો કહેશે કે પોતે સાહિત્યકાર થવા કશું કરતા નથી, જીવવાના ભાગરૂપે સહજપણે લખવાનું આવે તો તે લખે છે. એમને સાહિત્યના બે સહજ પ્રકારો — પત્રલેખન અને વાસરી — માટે સવિશેશ આસ્થા હતી. પત્ર એ અન્ય માનવબંધુ સાથેનો અપ્રત્યક્શ વાર્તાલાપ છે, તો વાસરી એ અંતર્યામી સાથેની પ્રત્યક્શ વાતચીત છે. બંને પ્રકાર કાકાસાહેબના હાથે અઢળક ખેડાયા. હજારો પત્રો એમણે લખ્યા.

એક શિક્શક અને ચિંતક તરીકે કેળવણી, સમાજ, સંસ્ક્રુતિ અને ધર્મનાં વિવિધ પાસાં ઉપર સતત એ લખતા રહ્યા. આ સદીના ત્રીજાથી પાંચમા દસકામાં કેટલી તો પ્રસ્તાવનાઓ એમણે લખી !

એક સાહિત્યકાર—ગદ્યકાર તરીકેની એમની બે લાક્શણિકતાઓ ધ્યાન ખેંચે છે.

એક તો સૂત્રાત્મક સૂક્તિઓ સહજપણે ઉદ્ગારવાની, અને બીજી નવા શબ્દો ઉપજાવવાની.

નવા શબ્દો નિપજાવવાની તો કાકાસાહેબે કહો કે ટંકશાળ ખોલી હતી. શબ્દોનો એમને સ્વાદ હતો. નામો પાડવાની કાકાસાહેબને ફાવટ હતી.

પારિભાશિક શબ્દો યોજવામાં કાકાસાહેબ એક્કા ગણાય છે, Printer's Devil માટે 'મુદ્રારાક્શસ', એવા તો એમને નામે સહેજે હજારેક શબ્દો થઅી ગયા હશે. ગુજરાતીઓએ એમાંના ઘણાખરા તો ચલણી બનાવી દીધા છે, એ જ એની યોગ્ય કદર છે.

*

કાકાસાહેબ માણસભૂખ્યા, ગોશઠિના માણસ. કાકાસાહેબનું ઉત્તમ વાતચીતમાં પ્રગટ થતું. અખૂટ જીવનરસ, અત્યંત કુશાગ્ર બુદ્ધિ, અદમ્ય વિનોદવ્રુત્તિ, વસ્તુને વિશાળ સંદર્ભમાં જોવાની ફાવટ—આ બધાંને લીધે કાકાસાહેબનું સભર વ્યક્તિત્વ વારતાલાપમાં અપૂર્વ રમણીયતાથી ઊઘડતું.

આવું ભર્યું ભર્યું અસ્તિત્વ—પંચાણું વરસ ચાલેલું વીર, આર્શ જીવન ગુજરાતી ભાશા દ્વારા તેજસ્વી રીતે અભિવ્યક્ત થતું રહ્યું. ગાંધીજીના અવતારકાર્યના એક સહયોગી, રાશ્ટ્રીય ઉત્થાનના કર્મઠ લડવૈયા, દેશના ખૂણેખૂણાના અનેક જીવનસાધકોના અને સંસ્થાઓના પ્રેરણામૂર્તિ, દેશવિદેશમાં અનેક કુટુંબો, સમાજોમાં ઉશ્મા અને પ્રકાશની લહાણ કરતા વત્સલ ગુરુજન—કાકાસાહેબ કાલેલકરનાં આ વિવિધ પાસાં સમય જતાં સ્મ્રુતિશેશ થશે. રહેશે એમનો લેખનરાશિ અને એની દ્વારા પમરતું એમનું અનોખું માનવવ્યક્તિત્વ.

ઉમાશંકર જોશી

['સર્જકપ્રતિભા'(2)માંથી સંકલિત]

આધુનિક ભારતની સાધના

કોઈ મહાનુભાવના અંતેવાસી બની વાર્તાલાપો કરવા અને તે શબ્દબદ્ધ કરવા : આ પ્રકારનું પુસ્તક લખવું ખરેખર કસોટીરૂપ બની રહે. અંતેવાસીનું હૃદયમુકુર સ્વચ્છ જોઈએ, સ્પષ્ટ સુરેખ છબી ઉપસાવી શકે એવું.

આવી કસોટીમાં કોઈ કોઈ લેખક સહેજે ઉત્તીર્ણ થતા જોવા મળે છે. જૉન્સનના અંતેવાસી બોસ્વેલ નાનીમોટી, ગંભીર-અગંભીર અનેક વસ્તુઓ ટપકાવ્યે ગયા. એ ટાંચણો બની ગયાં દુનિયાનો એક ગૌરવગ્રંથ.

જર્મન મહાકવિ ગ્યુઈથેની વૃદ્ધાવસ્થામાં એકરમેન નામના એમના એક ચાહકે એમની સાથે કરેલા વાર્તાલાપો નોંધી લીધા. એ એવો સમૃદ્ધ ગ્રંથ બન્યો કે જર્મન તત્ત્વજ્ઞ નિત્શેએ ગ્યુઈથેની કોઈ સર્જક કૃતિનું નહિ પણ આ "વાતચીતો"નું "જર્મન ભાષામાં મારા વાંચવામાં આવેલું શ્રેષ્ઠ પુસ્તક" એ શબ્દોમાં બહુમાન કર્યું છે.

મહેન્દ્રનાથ ગુપ્તે શ્રીરામકૃષ્ણ પરમહંસનાં અને મહાદેવભાઈ દેસાઈએ મહાત્મા ગાંધીનાં વચનો અને પ્રસંગો ટપકાવી લીધાં, એ એમનો માનવબંધુઓ ઉપર કેવડો મોટો ઉપકાર થયો છે ! આ પુસ્તકોનું મુખ્ય આકર્ષણ તે પુસ્તકોનો વિષય બનેલી વ્યક્તિ છે. લખનારનું તો લગભગ આત્મવિલોપન થતું હોય છે. અને તેમ છતાં લખનારનું માપ આપણને મળ્યા વગર રહેતું નથી.

ભાઈ રવીન્દ્ર કેળેકર કોંકણી-મરાઠીનાં લેખક છે. વરસોથી તે કાકાસાહેબને આત્મીયતાથી ઓળખે છે. આધુનિક ભારતના ઇતિહાસના તારતાર સાથે આત્મીયતાથી જોડાયેલી કાકાસાહેબ જેવી વયોવૃદ્ધ સાંસ્કૃતિક વ્યક્તિનું ચિંતન સુરેખ રીતે મેળવવું એ આશય આ વાર્તાલાપો પાછળ જોઈ શકાય.

પણ વાતચીત કાકાસાહેબમાં સીમિત રહેતી નથી. તરત જ મુખ્ય વિષય ગાંધીજી બની જાય છે. કાકાસાહેબે ગાંધીજી વિશે જીવનભર પુષ્કળ લખ્યું છે. પણ આ વાર્તાલાપોમાં ગાંધીજી પ્રત્યે એમનું જે વાત્સલ્ય પ્રગટ થાય છે એવું ક્યાંય પ્રગટ થયું નથી. એ વ્યક્તિ પ્રત્યે છે તે કરતાં એક અજોડ જીવનસાધના પ્રત્યે વધુ છે. સૂક્ષ્મ રીતે એ સાધનાને સમજવાનો પ્રયત્ન કરતાં હૃદય પ્રેમતરબોળ બને, એનો અનુભવ કાકાસાહેબના ગાંધીજી વિશેના ઉદ્ગારો કરાવે છે.

19-2-1971 **ઉમાશંકર જોશી**

['કાકા કાલેલકર સાથે વિવિધ વાર્તાલાપો'ના પ્રવેશકમાંથી ટૂંકાવીને]

દોહન કરનાર નીકળશે

ભિન્ન ભિન્ન વખતે લખેલા લેખોનો સંગ્રહ છપાવતી વખતે
એમાં કાટછાંટ કરીને પુનરુક્તિ ટાળવાનો મારો ધર્મ હતો.
તેનું પાલન કરવા જેટલી નવરાશ મને નથી.
અને છતાં એ સંગ્રહ છપાવવા જેટલો અુત્સાહ છે.
આશા રાખી હતી કે કાટછાંટ કરીશ,
ફકરાઓ એક વિશિશ્ટ અનુક્રમ પ્રમાણે ગોઠવીશ.
પણ હવે જોઅું છું કે કામો વધે છે
અને શારીરિક શક્તિ અૂલટી ઘટે છે.
હજી વાંચવાનું ઘણું છે.
વિચારવાનું એથીયે વધારે છે.
ફલાણું લખીશ, ઢીંકણું લખીશ,
એવા કરેલા સંકલ્પોનો ઢગલો અૂંચો થતો જાય છે.
એટલે જૂનું સમારવાનું અને સુધારવાનું કામ હું કરી શકીશ,
એની આશા ઓછી થતી જાય છે.
આ લખાણોમાં કાંઅીક ગ્રાહ્યાંશ હશે,
તો એનું દોહન કરનાર કોઅીક તો નીકળશે જ.

કાકા કાલેલકર

ગાંધીજીને "લોન"

પહેલાં હું ક્રાંતિકારી દળમાં હતો. ક્રાંતિકારી નેતાઓની દેશભક્તિ અુજ્જ્વળ હતી. ત્યાગ અને બલિદાન માટે તેઓ હંમેશા તૈયાર રહેતા. ફાંસીએ ચડવાની તૈયારી. પણ અંગ્રેજોનો મુકાબલો કરવો હોય તો આપણી તૈયારી કેટલી હોવી જોઅીએ, એનો હિસાબ નેતાઓ પાસે નહોતો. લોકજાગ્રુતિ માટે શું કરવું જોઅીએ, એનો અંદાજ એમનામાં ન હતો. સરકારે નેતાઓને સખત સજાઓ કરી, અને કઠોરતાથી પ્રજાને દબાવી દીધી. મેં જોયું કે કોઅી પણ રાજદ્વારી પક્શની અસર જનતા પર ખાસ દેખાતી નથી. લોકો અસંતોશ કેળવે છે, પણ શક્તિ કેળવતા નથી.

મારા પર વેદાન્તનો પ્રભાવ હતો. સંતસાહિત્યનો પણ પ્રભાવ હતો. દેશમાં કશું નક્કર કરવાની આશા જ્યારે દેખાઅી નહીં, ત્યારે આધ્યાત્મિક પ્રેરણા મેળવવાની અને પ્રજાહ્રુદય ઓળખી એના પર અસર કરવાની યોગ્યતા મળે એ અિચ્છાથી હું હિમાલયમાં ગયો. હિમાલયમાં કુદરતની ભવ્યતાનાં દર્શન કરતાં કરતાં હું આધ્યાત્મિક સાધના તરફ વળ્યો.

પણ એક સંકલ્પ મને બાકીનું જીવન પૂરું કરવા પાછો લઅી આવ્યો. એ સંકલ્પ હતો ભારતમાતાની સ્વતંત્રતાનો. ભારતમાતાને ગુલામીમાંથી મુક્તિ ન મળે ત્યાં સુધી મને પોતાને મોક્શ મળે તોયે મારે એ માણવો નહોતો. મારામાં એક વિચાર મજબૂત થયો હતો કે સમસ્ત પ્રજામાં રાશ્ટ્રીય કેળવણી દ્વારા આધ્યાત્મિક તેજ પેદા કર્યા વગર પ્રજાકીય અુત્થાન શક્ય નથી.

એ અરસામાં રવીન્દ્રનાથ ઠાકુરના કેળવણી-વિશયક અને આધ્યાત્મિક વિચારોનો રંગ પણ મને લાગ્યો હતો. મેં રવિબાબુને પત્ર લખ્યો કે, ''હું રાશ્ટ્રીય શિક્શણનો પ્રેમી છું. ચાર-છ મહિના શાંતિનિકેતનમાં રહી આપના શિક્શણના આદર્શનું અને પદ્ધતિનું અધ્યયન કરવાની મારી અિચ્છા છે.'' રવિબાબુનો તરત જવાબ આવ્યો : ''આવો.''

1915માં ગાંધીજી આફ્રિકાથી હિંદુસ્તાનમાં આવ્યા, અને શાંતિનિકેતનમાં હું એમને મળ્યો. એમની સાથે ઘણી ચર્ચા કરી. એમાં મેં કહ્યું : ''આપની તેજસ્વિતા અને કાર્યકુશળતાથી હું પ્રભાવિત થયો છું. પણ અહિંસા દ્વારા ભારતને સ્વરાજ્ય મળી શકશે, એ વિશે વિશ્વાસ બેસતો નથી. દેશને ગુલામીમાંથી મુક્ત કરવા માટે શસ્ત્રયુદ્ધ પણ કરવું પડશે, એમ હું માનું છું.''

ગાંધીજીએ એટલું જ કહ્યું, ''તમે મારી પાસે આવો. હું આશ્રમ ખોલવાનો છું, એમાં રહો. મારી કાર્યપદ્ધતિ સમજી લો. વિશ્વાસ જામે તો રહો, નહીં તો મને છોડીને ચાલ્યા જાવ.''

છેલ્લે, મેં દલીલ કરી, ''અહિંસા પ્રત્યે મારા મનમાં આદર છે, પણ મેં એ સ્વીકારી નથી. એવા માણસને આશ્રમમાં લઈ શકશો ખરા ?''

એમણે હસીને કહ્યું, ''આજે દુનિયામાં તમારી બહુમતી છે. હું અલ્પમતીમાં છું. તમારા જેવાનો ત્યાગ કરું, તો મને સેવક ક્યાંથી મળવાના ? અહિંસાની શક્તિ વિશે તમારામાં વિશ્વાસ પેદા કરવો, એ મારું કામ છે.'' એ જવાબથી હું માત થયો.

મારા ક્રાંતિદળના સાથી કૃપાલાની તે વખતે મુઝફ્ફરપુરની કોલેજમાં અધ્યાપક હતા. મેં તાર કરીને એમને પણ ગાંધીજીને મળવા બોલાવી લીધા. એમણે પણ ગાંધીજી સાથે ખૂબ ચર્ચા કરી, વાંકાચૂંકા અનેક પ્રશ્નો પૂછ્યા. ગાંધીજીએ એમને વ્યવસ્થિત જવાબો આપ્યા. કૃપાલાનીએ છેલ્લે કહ્યું, ''હું ઇતિહાસનો અધ્યાપક છું. અહિંસા દ્વારા રાષ્ટ્ર સ્વતંત્ર થયાનો એક પણ દાખલો મને મનુષ્યજાતિના ઇતિહાસમાં મળ્યો નથી.''

જાણે કોઈ સામાન્ય વાત બોલતા હોય એમ ગાંધીજીએ અત્યંત નમ્રતાપૂર્વક પણ તેટલા જ આત્મવિશ્વાસથી ઉત્તર દીધો : ''તમે ઇતિહાસ શીખવનારા છો, હું ઇતિહાસ ઘડનારો છું. અહિંસક પ્રતિકાર દ્વારા આપણે ભારતને સ્વરાજ્ય મેળવી આપીશું. પછી ઇતિહાસના અધ્યાપકો એના પર વ્યાખ્યાનો આપશે.''

કૃપાલાની પણ મારી પેઠે ગાંધીના થઈ ગયા. પહેલી મુલાકાતમાં જ મારા પર એવી છાપ પડી કે બધા પ્રશ્નો પર ગાંધીજીએ ઊંડો વિચાર કરેલો છે. મને લાગ્યું કે સ્વરાજ્યનો આપણો સંકલ્પ પૂરો કરવા માટે એમનું નેતૃત્વ પર્યાપ્ત છે.

*

ગાંધીજીના ગયા પછી હું રવિબાબુ પાસે ગયો. મેં કહ્યું, ''ગુરુદેવ, આપના જીવન વિશેના તત્ત્વજ્ઞાનથી હું પ્રભાવિત છું. આપે મને અહીં કાયમ રહેવા માટે કહ્યું, અને તે માટે હું લગભગ તૈયાર પણ થઈ ગયો. પણ હમણાં હમણાં ગાંધીજી સાથે મારે ઘણી ચર્ચા થઈ. હવે મને લાગે છે કે જે સ્વરાજ્યની મને ભૂખ છે, તે ગાંધીજીના પ્રયત્નથી વહેલું મળશે. હું ગાંધીજી પાસે જાઉં, તો આપ મને આશીર્વાદ આપશો ને ?''

ગુરુદેવે ''ભલે'' કહ્યું. પાછળથી ખબર પડી કે એ પહેલાં જ ગાંધીજીએ એમની પાસે મારી માગણી કરી હતી, અને ગુરુદેવે મને ''લોન'' તરીકે ગાંધીજીને આપવાનું કબૂલ્યું હતું.

રાષ્ટ્રીય એકતાને વિઘાતક એવી જે સૈકાઓ-જૂની નબળાઈઓ દેશમાં ફેલાઈ હતી તે દૂર કરવાનું ભગીરથ કામ ગાંધીજીએ પોતાના આશ્રમ મારફત ચલાવ્યું. સમાજમાં ફેલાયેલી હીનવૃત્તિઓ, ભિન્ન ભિન્ન વર્ગોનું અળગાપણું, સંકુચિત સ્વાર્થ અને પરસ્પર

અવિશ્વાસ દૂર કરવાના કાર્યક્રમો એમણે ચલાવ્યા. અહિંસાની શક્તિ વિશે અને સત્યાગ્રહ પાછળ કેળવાતા ક્શાત્રતેજ વિશે મારો વિશ્વાસ દ્રુઢ થતો ગયો.

આગળ જતાં એક વાર ગુરુદેવ સાબરમતી આશ્રમમાં આવ્યા ત્યારે એમણે કહ્યું : ‘‘ગાંધીજીએ મારી પાસે ‘‘લોન’’ માગી, પણ તે પાછી આપવાની વાત જ કરતા નથી !’’

*

યુદ્ધથીયે વધારે હિંસા

ગાંધીજીએ અનેક વાર કહ્યું હતું : ‘‘હું યુદધવિરોધી છું. પણ સર્વત્ર મનુશ્યજાતિમાં જે શોશણ ચાલી રહ્યું છે, એનાથી જેટલો ડરું છું તેટલો યુદ્ધથી હું ડરતો નથી. યુદ્ધ તો વખતોવખત ફાટી નીકળનારો એક રોગ છે. પણ દિવસરાત અખંડ ચાલનારા સાર્વભૌમ શોશણથી વધારે કોઅી હિંસા છે જ નહિ.’’

પુરુશજાતિ સ્ત્રીજાતિનું શોશણ કરે છે. ગ્નાની અને ચતુર લોકો અગ્નાની અને અસહાય લોકોનું શોશણ કરે છે. આજકાલનાં બધાં સંગઠન શોશણને પૂરી સફળતા અપાવવા માટે જ અૂભાં કરવામાં આવ્યાં છે. જે કોઅી લોકો અસંગઠિત હોય, એમને તો જીવન-સંગ્રામમાં હારવું જ પડવાનું.

માણસને પરિશ્રમ ટાળવો છે અને આરામથી વિલાસી જીવન જીવવું છે. બીજાના પરિશ્રમનો ગેરફાયદો અુઠાવી પોતે ધનવાન બનવું છે, અને ગરીબી ને બેકારી બીજી વ્યક્તિ કે બીજા સમાજને માથે ઢોળવી છે. આ જ છે પાપમૂલક શોશણનું આકર્શણ. આવા આકર્શણથી મુક્ત એવું એક પણ રાશ્ટ્ર નથી. આવા અન્યાયને દૂર કરવાનો અહિંસક અિલાજ એક જ છે—સમાજવ્યાપી કેળવણીમાં પરિવર્તન.

*

બહારવટિયા પાસેથી મળેલી સૂઝ

ગાંધીજી ભારત આવ્યા ત્યારે પૂરું એક વરૂશ દેશનું નિરીક્ૂશણ કર્ૂયા પછી એમણે ભારતની રાજનીતિમાં પ્રવેશે કર્ૂયો. જોતજોતામાં તેમની તેજસ્વિતા પ્રગટ થઅી. ગાંધીજી કોંગ્રેસના નેતા થયા. પ્રજામાં અસાધારણ જાગ્રુતિ અુત્પન્ન થઅી.

એક વખતે હિંસામાં માનનારા અમે ક્ૂરાંતિકારી જુવાનો ક્ૂયારેક ભેગા થયા હતા. ગાંધીજીના પક્ૂશમાં હું ભળી ગયો, તેનું એમને આશ્ચર્ૂય થતું હતું ! કેટલાક કહેતા, ''કાલેલકર લુચ્ચો છે. ગાંધીજીની સાથે રહીને અહિંસાની વાતો કરવા લાગ્યો છે. આ રીતે સરકારની નજર ચૂકવી શકશે. પણ અંદરખાનેથી તો કાલેલકર આપણો જ છે. જેમ સરકારને બનાવે છે, તેમ ગાંધીજીને પણ બનાવે છે.''

આ જુવાનો બધા મારા જૂના સાથીઓ. મારા અુપર એમનો વિશ્વાસ પૂરો. એટલે મેં એમને સાફ સાફ કહ્ૂયું, ''ભાઅીઓ, હું તમારો જ માણસ છું. ક્ૂરાંતિમાં પૂરેપૂરો માનું છું. પણ અનુભવે ગાંધીવાદી થયો છું. હું ગાંધીને બનાવતો નથી. ગાંધીજીના વિચારો સમજીને હ્ૂરુદયથી મેં સ્વીકાર્ૂયા છે. સરકારને છેતરવા માટે મેં અહિંસા ઓઢી નથી. અહિંસામાં ક્ૂશાત્રતેજ પ્રગટ થઅી શકે એની ખાતરી થવાથી જ ગાંધીવાદી થયો છું. હવે મારી વાત સાંભળો—

''આપણે હિંસામાં માનીએ છીએ. મહામુશ્કેલીએ આપણે થોડાં શસ્ત્રો ભેગાં કર્ૂયાં. બંગાળના આપણા ભાઅીઓએ રાજદ્ૂવારી ખૂન કર્ૂયાં. પરિણામ શું આવ્યું ? સરકારને તક મળી. પ્રજાને દબાવવામાં સરકારે મણા રાખી નથી.

''લોકો આપણી કદર કરે છે. આપણી દેશભક્ૂતિને પૂજે છે. પણ સામાન્ય પ્રજા, વિશાળ પ્રજા આપણે રસ્તે આવવાની નથી. મારફાડ કે ખૂનરેજીનો રસ આપણી પ્રજામાં છે જ નહિ. એને સ્વભાવની મોળાશ કહો કે સંસ્ક્ૂરુતિની અૂંચાઅી કહો. સ્વભાવ એ સ્વભાવ જ છે. એ સ્વભાવની અંદરથી ગાંધીજીએ આપણી પ્રજાની સંસ્ક્ૂરુતિને અનુરૂપ એવો લડાઅીનો એક માર્ૂગ અુપજાવી કાઢ્ૂયો છે.

''જ્ૂયાં આપણે અંગ્રેજ રાજ્ૂયકર્ૂતા સામે આખી પ્રજાને અુશ્કેરી શક્ૂયા નથી, લડવા તૈયાર કરી શક્ૂયા નથી, ત્યાં ગાંધીજી ફાવી ગયા છે. કોઅીને મારો નહિ, મકાનો બાળો નહિ, અને છતાં સરકારનું કામ અટકી પડે એવું પગલું ભરો, અને પ્રજા પાસે તે અમલમાં મુકાવો. એ ''લશ્કરી લડાયક પદ્ૂધતિ'' શું મામૂલી છે ? જૈનો અહિંસાનો પ્રચાર કરે છે. વૈશ્ણવો પણ અહિંસાને વરેલા છે. પણ ગાંધીજીએ અહિંસામાં જે ક્ૂશાત્રતેજ દાખલ કર્ૂયું

છે તે અનોખું છે. એ સૂઝ એમને સૌરાશ્ટ્રના બહારવટિયા પાસેથી મળી હશે. પણ એ કળાને ગાંધીજીએ અધ્યાત્મ અને યુદ્ધનીતિ બંનેની દીક્શા આપી છે. આપણે જો એની એ ખૂબી સમજી ન શકીએ, તો આપણે ક્રાંતિકારી શાના ?

''આ ગાંધીપદ્ધતિની યુદ્ધનીતિ આપણી સંસ્ક્રુતિને અત્યંત અનુકૂળ છે અને આજના યુગમાં ફાવે એવી છે, એટલે સ્વાતંત્ર્યના એક સેનાપતિ તરીકે ગાંધીજીની પાછળ પાછળ જવાનું મેં નક્કી કર્યું છે.''

*

સામા માણસ પર વિશ્વાસ

સત્યનિશ્ઠ માણસમાં સામા માણસના વચન પ્રત્યે શંકા ન લાવવાની આસતિકતા હોય છે. અને સાથે સાથે કોઈ પણ વસ્તુ પૂરતા પુરાવા વગર ન સ્વીકારવાનું ચોક્કસપણું પણ હોય છે.

ગાંધીજીમાં એવી સત્યનિશ્ઠા હતી. તેથી તેઓ એકબાજુ આપણા રુશિમુનિઓનાં અને સાધુસંતોનાં વચનો ઉપર અગાધ વિશ્વાસ રાખતા હતા; એ વચનો પ્રમાણે પોતાનું જીવન ઘડવામાં એમના મનમાં જરાય આનાકાની રહેતી નહિ. અને બીજી બાજુ દરેકેદરેક વસ્તુ જીવનની કસોટી ઉપર કસ્યા વગર આગળ જવાય જ નહિ, એવો એમનો સ્વભાવ થયો હતો.

તેઓ સામા માણસની દાનાઈ ઉપર અને એનાં વચનો ઉપર પૂરો વિશ્વાસ રાખતા. તેઓ કહેતા કે, ''જો આપણે ઇચ્છતા હોઈએ કે આપણા વચન ઉપર લોકો વિશ્વાસ રાખે, તો આપણે પણ સામા માણસના વચન ઉપર વિશ્વાસ રાખવો જોઈએ. સામો માણસ જો ફરી જાય અને આપણને છેતરે, તો એ જેટલી વાર છેતરે એટલી વાર સત્યાગ્રહ કરવા માટે આપણે તૈયાર છીએ.''

*

ગાંધીજીનું ઘડતર

ગાંધીજીના ઘડતરમાં સહુથી મહત્ત્વની અસર સૌરાશ્ટ્રની વિશિશ્ટ સંસ્કૃતિની પડી છે. સૌરાશ્ટ્રે એક એવો વિશિશ્ટ વર્ગ નિર્માણ કર્યો કે જેના પર સૌરાશ્ટ્રની પ્રતિભાની ઝલક દેખાઆી આવે છે. જ્યારે એકાદ તેજસ્વી પુરુશ પોતાના રાજાની સામે થાય છે, ત્યારે સ્વેચ્છાએ પોતાનું નાગરિકત્વ છોડી દઆી એ પોતાને રાજ્યતંત્રના વિરોધી તરીકે જાહેર કરે છે. રાજાને એ સંદેશો મોકલે છે કે, હવે હું તમારો પ્રજાજન નથી. હવે તમને અને તમારી પ્રજાને હું ત્રાસ આપતો રહીશ, રંજાડીશ. તમારી પ્રજાને પણ ખબર પડવી જોઆીએ કે રાજ્યરક્શણની શક્તિ તમારામાં નથી.

રાજ્યશક્તિને આવો પડકાર, એ તેજસ્વી પુરુશોનું કામ છે. તેઓ હથેળીમાં માથું લઆીને જ ફરતા. સૌરાશ્ટ્રમાં આવા લોકોને બહારવટિયા કહે છે. ત્યાંના લોકકવિઓએ એમનાં કાવ્યમય વર્ણનો લખ્યાં છે. સૌરાશ્ટ્રના લોકમાનસમાં બહારવટિયા તેજસ્વી, દિલાવર અને લોકપરિય મૂર્તિ બનીને રહ્યા છે.

સૌરાશ્ટ્રની પરંપરામાં બીજું પણ એક તત્ત્વ છે. જે લોકોમાં રાજ્યશક્તિને પડકાર આપવાની તેજસ્વિતા ન હોય એવો લોકો જ્યારે રાજકારભારથી કંટાળતા, ત્યારે રાજાની ધર્મબુદ્ધિ જાગ્રત કરવા માટે તથા પોતાની નિરાશા પ્રગટ કરવા માટે અનેક જાતનાં કશ્ટો સહન કરતા. અુપવાસ કરવા, પોતાનું જ નુકસાન કરવું, આત્મહત્યા કરવી વગેરે પ્રકારો તેઓ અજમાવતા. એને ત્રાગું કહે છે.

સૌરાશ્ટ્ર-સંસ્કૃતિનાં આ બંને તત્ત્વોને શુદ્ધ કરી, ગાંધીજીએ એને આધ્યાત્મિક રૂપ આપ્યું.

ગાંધીજીનું વ્યક્તિત્વ ઘડનારાં બીજાં બે તત્ત્વો તે વૈશ્ણવ અને જૈન સંસ્કૃતિ. વૈશ્ણવ હંમેશાં સદાચારનો આગ્રહ રાખનારો ભક્ત હોય છે. પોતાનો બધો આર્થિક, સામાજિક વહેવાર સદાચારની મર્યાદામાં રહીને જ કરવાનું એમનું બિરદ. ‘‘વૈશ્ણવ જન તો તેને કહીએ’’ એ ભજનમાં વૈશ્ણવોનાં જે લક્શણો કહ્યાં છે, તદનુસાર જીવવાનો બાપુજી અખંડ પ્રયત્ન કરતા હતા.

આવી જ જાતનો એક અસાધારણ પ્રભાવ એમના મન પર પડ્યો તે જૈન સાધુઓના વિરક્ત અને તપસ્વી જીવનનો. વૈશ્ણવોની મર્યાદા, જૈનોનાં તપ અને અહિંસા, આ તત્ત્વોનો બાપુજીએ સ્વીકાર કર્યો. એટલું જ નહિ, પોતાની બુદ્ધિ અનુસાર આ તત્ત્વોને એમણે શુદ્ધ પણ કર્યાં.

વિલાયતમાં ખરિસ્તી ધર્‌મપ્રસારકો સાથે એમની ઓળખાણ થઅી. ખરિસ્તી ધર્‌મના અુત્તમોત્તમ ગ્રંથો એમણે વાંચ્યા. ખરિસ્તના જીવનની અને અુપદેશની એમના ચિત્ત પર ઘણી અસર થઅી. ખરિસ્તી ધર્‌મસાધનાના ગુણદોશ ધ્યાનમાં આવ્યા પછી ગાંધીજી આર્‌યપરંપરાની સાધનાના ગુણદોશ પણ ઓળખી શક્‌યા.

એમને ભારતમાં અંગ્રેજોનો એક જાતનો અનુભવ હતો. વિલાયતમાં બીજી જાતનો અનુભવ મળ્યો. અને દક્‌શિણ આફ્‌રિકામાં એમને યુરોપીય સંસ્ક્‌રુતિનું ત્રીજું દર્‌શન થયું. ગાંધીજીના ઘડતરમાં દક્‌શિણ આફ્‌રિકાના અનુભવનો ફાળો સહુથી મોટો હતો. રસ્કિન, ટોલ્સટોય વગેરેનાં પુસ્તકો ત્યાં એમને વાંચવા મળ્યાં, અને આત્મપ્રધાન ભારતીય સંસ્ક્‌રુતિ તથા ભોગપ્રધાન આધુનિક સંસ્ક્‌રુતિના ગુણઅવગુણ અને બલાબલ તેઓ જોઅી શક્‌યા. આ બંને સંસ્ક્‌રુતિ વચ્ચેનો સાત્ત્વિક સંઘર્‌શ યુગપુરુશની શ્રદ્‌ધાથી એમણે પોતાના સત્યાગ્રહ દ્‌વારા શરૂ કર્‌યો.

*

"કોને મદદ કરીએ ?"

એશિયામાં ફેલાયેલા ભૂખમરાની વિકરાળતા જાણી અમેરિકાના કેટલાક મોટા લોકો, ''આપણે કઅી રીતે મદદ કરી શકીએ'' એ જાતે જોવા આવ્યા હતા. એમનું શિશ્ટમંડળ ગાંધીજીને દિલ્હી ખાતે ભંગીવાસમાં [એમને અુતારે] મળ્યું. ઘણા સવાલ-જવાબ થયા. એક જણે ગાંધીજીને સીધો સવાલ પૂછ્‌યો કે, ''હિંદુસ્તાનની ભીડ ભારે છે, જાપાનની પણ છે; બંનેને મદદ ન પહોંચાડી શકીએ, તો અમારે કોને મદદ કરવી ?''

હિંદુસ્તાનમાં ભૂખમરાથી લાખો લોકો ટળવળતા હતા. પણ ધર્‌મમૂર્‌તિ ગાંધીજીને અમેરિકાના પ્રતિનિધિએ ''અમારો ધર્‌મ શો ?'' એ સવાલ પૂછ્‌યો હતો. ગાંધીજી એક ક્‌શણ થોભ્યા, અને એમણે ગંભીર સ્વરે જવાબ વાળ્યો : ''મારા મનમાં લવલેશ શંકા નથી કે તમારે જાપાનને જ મદદ કરવી.'' અને તરત કારણ પણ કહી દીધું : ''તમે હિંદુસ્તાનને મદદ કરશો તો તે સેવાભાવથી પ્રેરાઅીને, અુપકારવ્રુત્તિથી. પણ તમારે જાપાનની સેવા કરવી છે પ્રાયશ્ચિત્તવ્રુત્તિથી. તમે લોકોએ જાપાનનો નાશ કર્‌યો છે, એક બાહોશ વીરરાશ્ટ્રના આત્માને હણ્યો છે. એ પાપ ધોઅી કાઢવું, એ તમારી પ્રથમ ફરજ છે. એ દિશામાં યત્કિંચિત પણ કરી શકશો, તો તમારી માણસાઅી બચવા પામશે.''

*

જનતા પરની શ્રદ્ધા

રોમે રોલાંએ ગાંધીજીને ''પોલિસાયકોલોજિસ્ટ'' કહ્યા છે. પોલિસાયકોલોજિસ્ટ એટલે જુદા જુદા પ્રકારના લોકોની અને સમાજની મનોરચના સમજનારો પુરુશ. એમની સત્યનિશ્ઠા, એમની અહિંસા-ભક્તિ અને એમની અવર્ણનીય આસતિકતા—આ ત્રણ અદ્ભુત શક્તિઓને લીધે એમનું મન કોઈ પણ નવી ભૂમિકા સમજી લેવા તૈયાર રહેતું. જેટલી સહેલાઈથી તેઓ અશિક્શિત લોકોને પોતાની વાત સમજાવી શકતા, તેટલી જે સહેલાઈથી પ્રખર બુદ્ધિવાદી લોકો સાથે પણ તેઓ ચર્ચા કરી શકતા. ચર્ચામાં એમણે કદી, કોઈની આગળ હાર ખાધી નથી. પણ પોતાની બૌદ્ધિક તેજસ્વિતાની ચમક બતાવવાનો પ્રયત્ન પણ એમણે કદી કર્યો નથી. નમ્રતા જ તેમનું કવચ હતું.

કોઈની પણ સાથે વાત કરવા માંડે, એટલે એમની આંખોમાંથી સહાનુભૂતિ વહેવા લાગે અને સામા માણસનું દ્રુશ્ટિબિંદુ તરત જ એમના ધ્યાનમાં આવી જાય. એની શક્તિ-અશક્તિ બધું ધ્યાનમાં લઈ તેઓ એને એવી સલાહ આપે કે એ પુરુશાર્થ કરવા તૈયાર થઈ જાય.

એમના સ્વભાવના આ પાસાનું નિરીક્શણ કર્યા પછી મેં કહેલું કે અમારી પોતાની શક્તિ પર જેટલો અમારો વિશ્વાસ હતો, તેના કરતાં વધારે ગાંધીજીનો હતો. કોક વાર અમારો પોતા પરનો અવિશ્વાસ જોઈ તેઓ કહેતા કે, આ કામ તમે કરી શકશો, હું તમને કહું છું કે કરી શકશો. અબ્બાસ તૈયબજી કહેતા કે, ગાંધીજીએ અમારી પાસે જે કામો કરાવ્યાં છે, તે અમે અમારા પોતાના વિશ્વાસે કદી કરી શક્યા ન હોત.

એક વાર ગાંધીજીએ એક અતિશય કઠણ કામ મને સોંપ્યું. મેં કહ્યું,''બાપુજી, આટલું અઘરું કામ મારાથી થવાનું નથી.'' બાપુજી મારી તરફ જોઈને બોલ્યા, ''હું તમને કોઈ કાળે સહેલું કામ આપું જ નહીં.'' મારે માટે આ વાક્ય પૂરતું હતું. બાપુજી આટલી કદર કરે છે, ત્યારે આપણે એ કામ કરવું જ જોઈએ—એ ભાવના સાથે મેં એ કામ હાથમાં લીધું અને સફળ કરી બતાવ્યું.

ભારતીય જનતા પર ગાંધીજીની શ્રદ્ધા હતી. એની શક્તિ-અશક્તિ બંનેની એમને પૂરી ખબર હતી. પોતાના પર જનતાનો જેટલો વિશ્વાસ હતો, તેથી વધારે વિશ્વાસ ગાંધીજીનો એના પર હતો. તેથી જ તેઓ લોકોમાં પ્રાણ ફૂંકી શક્યા, એમનો અત્મવિશ્વાસ વધારી શક્યા, અને એમની પાસેથી લોકોત્તર કામો કરાવી શક્યા.

હજારો વર્શની ભારતીય સંસ્કૃતિના અને ભારતીય પુરુશાર્થના તેઓ પ્રતિનિધિ

હતા. તેથી લોકો તેમની પાછળ જઅી શક્યા. એમના અુજ્જ્વળ ચારિત્ર્યને લીધે, સંકટભરેલો માર્ગ હોવા છતાં લોકોને એમની પાછળ જવામાં બીક અથવા સંકોચ થયો નહિ.

*

હિંદી સંસ્કૃતિના સર્વોચ્ચ આદર્શોને અનુસરીને ગાંધીજીએ પોતાનું ધ્યેય ઘડ્યું છે. પણ લોકોને તે પોતાનું છતાંય દૂર દૂરનું લાગે છે. લોકોને આજે ગળે અૂતરે તેવું સ્વરાજનું ધ્યેય સન્મુખ રાખીને ગાંધીજી કામ કરે છે. સાથે સાથે પોતાને શ્રેશ્ઠ લાગતું ધ્યેય પણ તેઓ લોકો આગળ સતત જાગતું રાખે છે. ગાંધીજીના આ આદર્શનું લોકમાન્ય ટિળકે મજાનું વર્ણન કર્યું છે : દરિયામાં ફરતું વહાણ ધ્રુવના તારા પર લક્શ રાખીને ચાલે છે, પણ તે કાંઅી ધ્રુવતારા અુપર નથી જતું. કોઅી ને કોઅી દુન્યવી બંદર જ તેનું ધ્યેય હોય છે. તે જ પ્રમાણે વ્યવહારની અુપેક્શા કરી કેવળ ધર્મનો જ વિચાર રાખીને નક્કી કરેલું ધ્યેય અધૂરું હોય છે. ધ્રુવતારા તરફ ધ્યાન તો રાખો જ, તેના વગર ચાલશે નહિ; પણ જહાજને ધ્રુવ અુપર લઅી જવાનું નથી.

*

આ દેશમાં નવો એવો એક પણ દોશ નથી. બધા જ દોશો પહેલેથી ચાલતા આવેલા છે. જ્યારે પુરુશાર્થ ક્શીણ થાય છે, અુદાર વ્યાપકતાનો અસ્ત થાય છે, ત્યારે સંકુચિત માનસવાળા લોકો આગળ આવે છે. ગાંધીજીએ બતાવી આપ્યું કે નેત્રુત્વ જો સારું હોય તો આ જ જનતા જાગ્રત અને કર્તવ્યપરાયણ થઅી શકે છે.

*

બ્રાહ્મણોની અનાસક્તિ, ક્શત્રિયોની વીરવ્રુત્તિ, વૈશ્યોની દીર્ઘદર્શિતા અને શૂદ્રોની સેવાપરાયણતાનું જ્યારે અીશ્વરનિશ્ઠા સાથે એક રસાયણ બની જાય છે, ત્યારે જ સમાજની અુન્નતિ થઅી શકે છે. ગાંધીજીએ દુનિયા સામે આ આદર્શ જીવી બતાવ્યો.

ગાંધીજીએ અસાધારણ અુજ્જ્વળ આદર્શ સમાજ આગળ મૂક્યો, તેમાં એમનું મહત્ત્વ નથી; પણ એ અુચ્ચ આદર્શ પ્રમાણે તેઓ પોતે જીવી બતાવે છે અને એ આદર્શ પ્રત્યે લોકોની શ્રદ્ધા જગાડી રાશ્ટ્રના અસંખ્ય લોકોને નવજીવન અર્પે છે, એટલે તેઓ મહાત્મા ગણાય છે.

*

પાપીનો પણ પ્રતિનિધિ

ગાંધીજીનું સત્યાગ્રહનું એક વ્યાકરણ હતું. આ વ્યાકરણનો નિયમ ન પાળતાં જે સત્યાગ્રહ કરવામાં આવે છે તે દુરાગ્રહ બને છે, જબરદસ્તીનો એક પ્રકાર બને છે. છેલ્લાં વીસ વરસોમાં [1950 પછીનાં] કોઈએ પણ શુદ્ધ સત્યાગ્રહના દાખલા લોકો આગળ મૂક્યા નથી. પરિણામે સત્યાગ્રહની જગ્યા હત્યાગ્રહે લીધી છે. હત્યાગ્રહ કાં તો કાયદેસર સરકારને ખાઈ જશે, અથવા સર્વત્ર ગુંડાનું રાજ્ય શરૂ કરશે.

જ્યારે ચૌરીચૌરા હત્યાકાંડ થયો, ત્યારે ગાંધીજી એને રાષ્ટ્રીય પાપ માન્યું અને પોતે પ્રાયશ્ચિત્તરૂપે અપવાસ કર્યા. ત્યારે કેટલાક લોકો ગાંધીજી પાસે જઈ કહેવા લાગ્યા કે, ‘‘આપ અહિંસાના પૂજારી છો એ આખી દુનિયા જાણે છે. ત્યાં જે લોકોએ હિંસા કરી, તેમની સાથે આપનો દૂરનો પણ સંબંધ જોડવાની હિંમત કોઈ કરવાનું નથી. પછી આપ એ પાપ માટે પોતાને જવાબદાર શા માટે માનો છો ?’’

ગાંધીજીએ જવાબ આપ્યો : ‘‘હું પોતાને મનથી ભારતનો પ્રતિનિધિ માનું છું. આખાય ભારતનો હું સેવક પ્રતિનિધિ છું. ભારતના પુણ્યવાન તેમ જ પાપી, બધાનો હું પ્રતિનિધિ છું. આ દેશની કોઈ પણ વ્યક્તિએ આ રીતે હિંસા કરી, તો તેની જવાબદારી મારે માથે આવી પડે છે. સમગ્ર ભારત વતી હું પશ્ચાત્તાપ ન કરું, તો મારું પ્રતિનિધિત્વ લજવાશે.’’

તેથી જ રાષ્ટ્રે એમને રાષ્ટ્રપિતા કહ્યા.



ગાંધીજીનું શૌર્ય બ્રિટિશ સલ્તનત જેવી જગદ્વ્યાપી સલ્તનત સામે લડવામાં નથી, પણ અંતરાત્માના અવાજ સામે અસંખ્ય લોકો પોકાર કરે તોપણ તે પોકારને કાન ન દેવાની હિંમત ધરાવવામાં છે. તેઓ નથી રાજનિશ્ઠ કે નથી રાશ્ટ્રનિશ્ઠ, નથી શાસ્ત્રનિશ્ઠ કે નથી સમાજનિશ્ઠ. તેઓ તો આત્મનિશ્ઠ છે.

"આવું ઘણું સાચવવું પડે છે......"

બાપુજીએ જ્યારે ગુજરાત વિદ્યાપીઠની પુનર્રચના કરી [તેનો] ભાર મને સોંપ્યો ત્યારની વાત છે.

ખાદી માટેનો આગ્રહ દેશ આગળ જાહેર કર્યા છતાં ઘરની જ વિદ્યાપીઠમાં ખાદીનો એવો સ્વીકાર થયેલો ન હતો. વિદ્યાર્થીઓ ખાદી પહેરતા કેમકે એ વિદ્યાપીઠનો ગણવેશ હતો એટલું જ. ખાદીભક્તિ કેવળ કડક નિયમો કરવાથી અને એ નિયમોની આર ભોંકવાથી અુત્પન્ન થવાની નથી, એ હું જાણતો હતો. મારી બધી શક્તિ મારાં પ્રાર્થના-પ્રવચનોમાં હું રેડી શકતો હતો. પરિણામે વિદ્યાર્થીઓ રેંટિયા ચલાવવા તૈયાર થયા. પૂણીઓ માટે પીંજણકળા પણ શીખવા લાગ્યા.

[અગાઅુ] માંદો પડીને જ્યારે હું પૂના પાસેની રાશ્ટ્રીય શાળામાં જઅીને રહ્યો હતો, ત્યારે ત્યાંથી બે-ત્રણ વિદ્યાર્થીઓને ખાદીનું મહત્ત્વ સમજાવી સાબરમતી આશ્રમમાં મોકલ્યા હતા. [આશ્રમમાં] એ છોકરાઓ પાછળ મેં ઠીક ઠીક મહેનત લીધી હતી. એટલે [પછી] એ લોકોને જ વિદ્યાપીઠમાં કાંતણ-પીંજણ શીખવવા લઅી લીધા. એમાંથી એક પ્રકરણ અૂભું થયું.

થોડા દિવસમાં વિદ્યાપીઠના વિદ્યાર્થીઓમાં મહારાશ્ટ્રી-ગુજરાતીની ચર્ચા શરૂ થઅી. ''કાકા મહારાશ્ટ્રી છે, એટલે એમણે મહારાશ્ટ્રીઓ વિદ્યાપીઠમાં આણ્યા છે,'' એ જાતના અુદ્ગારો મારા કાને આવ્યા. એ વિદ્યાર્થીઓ મહારાશ્ટ્રી છે એનું ભાન પણ મને ન હતું. મારી કલ્પના પ્રમાણે એ કળામાં પ્રવીણ થયા છે અને બરાબર શીખવી શકશે, એટલું જોઅીને મેં એમને વિદ્યાપીઠમાં લીધા હતા. એટલે મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. જે વસ્તુ મારે વિશે ગુજરાતના મનમાં કોઅી કાળે અૂગી ન હતી, તે સાંભળીને હું હેબતાઅી જ ગયો.

એ વાત મેં બાપુજીને કાને નાખી. તેમણે કહ્યું, ''તમારે વિશે ગુજરાતમાં કે બીજે ક્યાંય કોઅીનાં મનમાં શંકા અૂઠે જ નહિ. પણ તમે જે મહારાશ્ટ્રીઓને ત્યાં લઅી ગયા, એમના સ્વભાવનો વિચાર કરવો જોઅીતો હતો. તમારી આસપાસ મહારાશ્ટ્રીઓને ભેગા ન કરવા, એ જ આ દેશને માટે સુરક્શિત નીતિ ગણાય. તમારામાં પ્રાંતીયતા નથી, તેટલા પરથી આખા દેશનો એ દોશ દૂર થયો છે એમ તો ન જ મનાય.''

આટલું કહીને એક સરસ દાખલો બાપુજીને યાદ આવ્યો તે એમણે મને કહ્યો : ''તમે જાણો છો [કે] મુંબઅીનું દૈનિક 'બોમ્બે ક્રોનિકલ' કોંગ્રેસનું છાપું ગણાય. એના

મુખ્ય એડિટર મિ. બ્રેલ્વી એ અંગ્રેજી દૈનિક સરસ ચલાવે છે. એણે પોતાની આસપાસ એક પણ મુસલમાનને રાખ્યો નથી. આપણા દેશમાં આવું ઘણું સાચવવું પડે છે.''

બાપુજીની શિખામણ પૂરી ગળે ઊતરી. આટલી સાવચેતી બાપુજીએ મને શીખવવી પડી, એની લજ્જાથી હું પાણી પાણી થઈ ગયો. મેં તરત જ જરૂરી પગલાં ભર્યાં. મારે માટે જિંદગીનો એ એક કીમતી અનુભવ થયો.

*

સનાતની છતાં સુધારક

બાપુજી જ્યારે દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા ત્યારે એમને માથે ચોટલી ન હતી, ગળામાં જનોઈ ન હતી. હરદ્વારના કુંભ મેળામાં એક સાધુએ તેઓને બંને માટે આગ્રહ કર્યો. ત્યારે બાપુજીએ માથે ચોટલી રાખવાનું સ્વીકાર્યું, અને જનોઈની ના પાડી. એની વાત મારી આગળ કરતાં કહ્યું :

''મારે હિંદુ સમાજમાં મોટા મોટા સુધારા કરવા છે, સુધારા માટે લડવું છે, અને તે પણ એક નિશ્ઠાવાન હિંદુ તરીકે. પ્રસંગ આવ્યે મારે આ સમાજ વિરુદ્ધ ઉપવાસ પણ કરવા પડે. તેથી મારે સમાજ સાથે શક્ય તેટલા એકરૂપ થવું છે. હું પોતાનો જ છું, એવું આ સમાજને લાગવું જોઈએ. તો જ હું એમાં કાંઈ ફેરફાર કરાવી શકીશ. ત્યારે જેટલી બાબતમાં એમના રિવાજો પળાય, તેટલામાં એમને રાજી રાખવા એ જ ઉત્તમ નીતિ છે. માથે ચોટલી રાખવા જેવી નજીવી વસ્તુમાં સુધારો કરી સમાજથી નોખા પડવામાં લાભ શો ?''

જનોઈ વિશે એમણે કહ્યું : ''હિંદુ સમાજમાં નકામા અનેક વાડા પડ્યા છે, અને તેથી હિંદુ સમાજ નબળો પડતો જાય છે. તેના કકડા થાય છે એમાં અમુક લોકોને જનોઈનો અધિકાર છે, અમુકને નથી, એવો નકામો ભેદ છે. ત્યારે આપણે એ અધિકાર વિનાના લોકોમાં જ ભળી જઈએ.''

ગાંધીજીમાં બહુ મોટો સુધારક હતો. પણ ગાંધીજી વાણિયા હતા. આ સ્વભાવને લીધે ગાંધીજીએ પોતાનો સમાવેશ સનાતનીઓમાં કરાવ્યો, અને કાર્યક્રમ સ્વીકાર્યો સુધારકોનો.

*

સત્‌શિશ્ય મેળવવાનું સદ્‌ભાગ્ય

આપણા દેશમાં રાજદ્‌વારી નેતાપણું મોટે ભાગે કાયદા-પંડિતોને જ વરતું આવ્યું છે. પણ પિતામહ દાદાભાઅી, સુરેન્દ્‌રનાથ બેનરજી, અરવિંદ ઘોશ, ગોખલેજી, એ બધા કેળવણીના ક્‌શેત્રમાં અનુભવ લીધા પછી જ રાજદ્‌વારી ક્‌શેત્રમાં પડેલા છે.

ગોખલેજીએ ગણિત, અિતિહાસ તેમ જ રાજકારણના અધ્યાપક તરીકે નામના મેળવી; પણ એમનું મુખ્ય જીવનકાર્‌ય કેળવણીની ચાર દીવાલ બહાર થયું છે.

ગોખલેના અનેક શિશ્યો થયા છે. છતાં ''શિશ્યાત્ અિચ્છેત્ પરાજયમ્'' અથવા ''શિશ્યે અિચ્છેત પુનર્‌ભવમ્'' એ સૂત્રોનો જો કાંઅી અર્‌થ હોય, તો ગોખલેના એકમાત્ર શિશ્ય તે ગાંધીજી છે.

ન્યાયમૂર્‌તિ રાનડેના શિશ્ય ગોખલે, અને ગોખલેના શિશ્ય ગાંધી, એવી શિશ્યપરંપરા મનાય છે. રાનડેએ ઘણા લોકો અુપર અસર પાડી. તેમાંય ગોખલેનું તો આખું રાજકીય ઘડતર રાનડેને હાથે થયું હતું. પણ તેવી જ રીતે ગાંધીજીનું ઘડતર ગોખલેજીને હાથે થયું હતું એમ ન કહેવાય. ગાંધીજીનું ઘડતર એમનું પોતાનું જ છે.

ગોખલેએ નક્‌કી કર્‌યું કે દેશના રાજકારણમાં આધ્યાત્મિક વ્‌રુત્તિ ભરી દેવી. ગાંધીજી આ પાઠ ગોખલે પાસેથી શીખ્યા નથી. પણ પોતાના જીવનમાં ખીલવેલો આ સિદ્‌ધાંત ગોખલેજીને પણ પસંદ છે, તેઓ પણ પોતાના અનુભવને અંતે એ જ નિર્‌ણય પર આવ્યા છે, એમ જોઅી ગાંધીજીએ પોતાની નિશ્ઠા ગોખલેજી પ્રત્યે વાળી.

દરેક જુવાનના હ્‌રુદયને શિરછત્ર રૂપ કોઅી ને કોઅી મુરબ્બીની જરૂર હોય છે. ઘર છોડીને ગાંધીજી વિલાયત ગયા, એટલે ત્યાં એમણે પિતામહ દાદાભાઅીને એ સ્થાને સ્થાપ્યા. હિંદના રાજકીય જીવનમાં પ્રવેશ કરવા માટે પણ એમને કોઅી મુરબ્બીની જરૂર હતી. એમના યુવાન હ્‌રુદયને જે જાતની ભૂખ હતી, તે ત્‌રુપ્ત કરનારા એમને ગોખલે જ મળ્યા.

ગોખલેની કાર્‌યપદ્‌ધતિ જુદી, અને ગાંધીજીની જુદી; છતાં બંને વચ્ચે સુંદર સંબંધ બંધાયો. તેનું એક કારણ બંનેમાં રહેલી આધ્યાત્મિકતા છે. જે કામ કરવું હોય તેનો પૂરતો અભ્યાસ કરવો, ઝીણામાં ઝીણી વિગતો સમજી લેવી, પ્રતિપક્‌શી પ્રત્યે પૂરતી અુદારતા કેળવવી, પરિણામ વિશે અધીરા ન થવું, અને દેશવાસીઓ કે પરદેશીઓ જેવા છે તેવા લઅીને એમના પ્રત્યે અસંતોશ કે અકળામણ બતાવ્યા વગર કામ કર્‌યે જવું, એવી વ્‌રુત્તિ બંનેમાં સમાન હતી. રમતમાં ખરાબ પાનાં પોતાના હાથમાં આવ્યાં એવી ફરિયાદ ન કરતાં, સારો રમનાર જેવાં

પાનાં મળ્યાં તેવાંનો સારામાં સારો અુપયોગ કરી પોતાની શક્તિનો પરિચય કરાવે છે. વૈદ્ય અને વકીલ પોતાના હાથમાં આવેલો કેસ અટપટો કે ગૂંચવણભરેલો છે એટલા ખાતર અકળાતો નથી, પણ વિશિશ્ટ પરિસ્થિતિમાં જે થઅી શકે તેમ હોય તે બધું કરી છૂટે છે. તેવી રીતે આ બંને દેશસેવકો પણ એ જ નિશ્કામ, અનાસક્ત ભાવે સેવા કરવામાં માનવાવાળા હોવાથી બંને વચ્ચે સ્નેહગ્રંથિ બંધાઅી.

અને બંનેનું કાર્‌ય જોતાં એમ જ કહેવું પડે કે ગાંધીજીએ પોતાના જીવનમાં ગોખલેજીની સુધારેલી વધારેલી અને એ રીતે તદ્દન નવી બનેલી આવ્રુત્તિ કાઢી. પોતાના રાજદ્વારી દિશાદર્‌શક ગોખલેજીએ જે જે કામો હાથ ધર્‌યાં તે બધાંને દિવ્ય ઓપ આપીને ગાંધીજીએ અુચ્ચ ભૂમિકા અુપર ચડાવ્યાં.

આનું નામ તે સત્‌શિશ્ય મેળવવાનું સદ્‌ભાગ્ય.

*

કુશળ માળી

એક વાર ગાંધીજીને મેં પ્રશ્ન પૂછ્યો : ''આપ અમ સહસાધકોના સાથી જ નહિ, માર્‌ગદર્‌શક પણ છો. અમારા દોશ આપ સહન કેમ કરો છો ? અમને તે બતાવતા કેમ નથી ?''

ત્યારે એમણે કહ્યું કે, ''હું એક કુશળ માળી છું. માળી શું કરે છે ? એ એક છોડ વાવે એટલે એને ખાતરપાણી આપે. હવે, એ છોડની આસપાસ ઘાસ પણ અૂગે છે. એ ઘાસને પણ પેલું ખાતરપાણી મળે છે. છોડની દ્રુશ્ટિએ ઘાસ અનિશ્ટ છે. છતાંય માળી એને તરત અુખેડી નથી નાખતો. એને ખબર હોય છે કે, ઘાસ અૂખેડવા જઅીશ તો પેલો છોડ પણ કદાચ અૂખડી જશે. તેથી એ ધીરજ રાખે છે. પછી કાળાંતરે જ્યારે એને ખાતરી થાય છે કે હવે છોડનાં મૂળિયાં મજબૂત થયાં છે, ત્યારે જ એ કુશળતાપૂર્‌વક પેલું ઘાસ અુખેડી નાખે છે.''

ગાંધીજીની આ વાત સાંભળીને તે જ ક્શણથી હું પોતાના આચારવિચારમાં ગાંધીજીને ન ગમતા કયા કયા દોશો છે તે શોધવાના પ્રયત્નો કરવા લાગ્યો. દોશો શોધવા અઘરા ન હતા. પરંતુ નજરે ચડેલા દોશોને ફેંકી દેવા એ કેટલું અઘરું છે, એની તે દિવસથી મને ખબર પડવા લાગી.

ગાંધીજીનો એકમાત્ર શિશ્ય

એક વાર મારે બાપુજી સાથે સાબરમતી સ્ટેશને જવાનું હતું. ગાંધીજીએ ટાંગો મંગાવ્યો. એમની સાથે એક ભારતીય મહિલા હતી. ટાંગો ચાલવા લાગ્યો. પેલાં બહેન સાથે બાપુજીની વાતો ચાલતી હતી.

અચાનક બાપુજીની દ્રુશ્ટિ પેલી બહેનના હાથ પર પડી. એના નખ વધ્યા હતા. ગાંધીજીએ એને કહ્યું, ''આવી રીતે નખ વધારવા એ સારું નથી, એ મેં તને કેટલી વાર કહ્યું છે ? તો પણ તું ધ્યાન નથી આપતી.'' એણે માત્ર ''અૂંહ'' કર્યું. ગાંધીજીએ તરત પોતાની થેલીમાંથી ચપ્પુ કાઢ્યો અને એનો હાથ પકડી બધા નખ કાપી નાખ્યા.

ગાંધીજીનો સ્વભાવ શિક્શકનો. એક-બે વાર કહી જોશે. ત્રીજી વાર પોતે કરી બતાવશે. પણ બાપુજીનું આ વર્તન મને કાંઅી ગમ્યું નહિ. એક બેદરકાર બહેનની આટલી સેવા કે ખુશામત ગાંધીજી કરે, એમાં મને ઔચિત્યનો ભંગ દેખાયો. તે ક્શણે હું કશું બોલ્યો નહિ. પણ પછી થયું કે મનમાં જે આવ્યું તે બાપુજીથી છુપાવવું સારું નહિ. તેથી એકાંત મળતાં જ મેં બાપુજીને કહ્યું :

''મને માફ કરો. મનમાં આવ્યું તે આપની આગળ મૂકું છું. આપને ખબર જ છે કે અમે જે આપની પાસે આવીને રહ્યાં છીએ તે બધાં આપની તરફ ગુરુભાવે જોઅીએ છીએ. આપના વિચારોની જેમ અમારા જીવન પર અસર થતી હોય છે, તેમ આપની વર્તણૂકની પણ અૂંડી અસર થાય છે. આજે આપે પેલાં બહેનનો હાથ પકડી એના નખ કાપ્યા, તે મને ગમ્યું નહિ. તરુણોને એમ કરવાની અિચ્છા થાય, તો તેમને માટે આ અુદાહરણ પોતાનું સમર્થન કરવા માટે પૂરતું થશે.''

બાપુજીએ કહ્યું કે, ''એને મેં બબ્બે વાર કહ્યું છતાં એણે ધ્યાન ન આપ્યું; એને સમજાવવાનો આ જ એક રસ્તો બાકી હતો.'' વાત ત્યાં પૂરી થઅી.

પછી અમે બધાં આશ્રમવાસી પ્રાર્થના માટે ભેગાં થયાં ત્યારે પ્રાર્થના પછીના પ્રવચનમાં બાપુજીએ કહ્યું : ''આજે કાકાસાહેબે એક મિત્રકાર્ય કર્યું...''

વાક્ય કાન પર પડતાં છાતીમાં ''ધડક ધડક'' થયું. મનમાં થયું : હવે બધું જ કહી દેશે કે શું ? મારાથી રહેવાયું નહીં તેથી એકાંતમાં મેં જે કહ્યું, તે આવી રીતે બહાર કેમ આવે ? ગાંધીજીએ કેમ વર્તવું એ તેમને કહેવાનો મને શો અધિકાર છે ? ......પણ હવે શું થાય ?

પણ બાપુજીએ આખી વાત કહી નહીં. એમણે એટલું જ કહ્યું કે, ''કાકાસાહેબનું

કહેવું છે કે તેઓ અને તેમના જેવા અનેક લોકો મારી તરફ ગુરુભાવનાથી જુએ છે. [તો] હું આજે બધાંને કહેવા માગું છું કે હું કોઅીનો ગુરુ નથી, થવા અિચ્છતો નથી, થઅી શકતો પણ નથી. દક્ષિણ આફ્રિકામાં એક ભાઅીએ મારા શિશ્ય થવાની અિચ્છા પ્રદર્શિત કરી. મેં એમનું કહેવું માન્ય કર્યું. તે વખતે મારામાં એટલું અભિમાન હતું. પણ તેની જવાબદારી લીધા પછી મારે ઠીકઠીક પસ્તાવું પડ્યું. મને ખાતરી થઅી ગઅી કે ગુરુ બનીને બીજાને રસ્તો બતાવવો સહેલો નથી. આજે મારો એક જ શિશ્ય છે— તે હું પોતે. એ એકને સાચવતાં સાચવતાં મને કેટલો ત્રાસ થાય છે, તે હું જ જાણું અને અીશ્વર જાણે. મેં આશ્રમ શરૂ કર્યો છે અને તમને બધાંને આમંત્રણ આપ્યું છે; તેથી તમે મને પોતાનો ભાઅી માની શકો છો, પણ હું કોઅીનો ગુરુ નથી.''

*

અદ્‌ભુત રસાયણ

શક લોકો સામે ઝૂઝીને દેશને સ્વતંત્ર કરનાર શાલિવાહન રાજા વિશે દંતકથા કહે છે કે એ રાજા પાસે એવું અદ્‌ભુત રસાયણ હતું કે એ પોતાના કુંભારને ત્યાં જઅી, માટીના સિપાહીઓ બનાવી એ રસાયણથી એમને જીવતા કરી લડાઅીમાં વાપરતો.

ગાંધીજી પાસે આપણે એવું એક રસાયણ અવશ્ય જોઅીએ છીએ કે જેથી તેઓ માટીના માણસમાંથી તેજસ્વી આત્મપરાયણ સિપાહીઓ તૈયાર કરી શક્યા છે. તેથી દરેક કેળવણીકારને ગાંધીજીના આ કીમિયાનું રહસ્ય શું છે એ શોધી કાઢ્યા વિના છૂટકો નથી.

ચાર દીવાલ વચ્ચે બાળકોને લઅી બેસી એમનામાં ઓછીવત્તી માહિતી રેડવી અથવા એમને ભાશાપ્રવીણ બનાવવાં, એ કાંઅી સાચી કેળવણી નથી. પણ આબાલવ્રુદ્ધ સ્ત્રીપુરુશોને જીવન મારફત કેળવી એમનામાં રહેલો સુપ્ત દૈવી અંશ જાગ્રત કરવો, તેમને પોતાના અમ્રુતવારસાનું ભાન કરાવવું, અને માણસની કલ્પનામાં પણ ન આવી શકે એવી સજ્જનતા, એવું પરાક્રમ અને એવી શાંતિ એમના જીવનમાં ખીલવી બતાવવી, એનું નામ તે ખરી કેળવણી.

એવા કેળવણીકારો દુનિયામાં ભાગ્યે જ દસ-વીસથી વધારે પાક્યા હોય. એ સહુમાં પણ ગાંધીજીની વિભૂતિ વિશેશપણે તરી આવે છે. કરોડો લોકોવાળા આખા રાશ્ટ્રને હાથમાં લઅી, એના ઐતિહાસિક વજ્રલેપ દુર્ગુણો જાણતા અને અનુભવતા છતાં એ પ્રજા અુપર વિશ્વાસ રાખી, પોતાના જ જીવનકાળમાં એમણે જે એક મોટો વ્યાપક અખતરો કરી બતાવ્યો છે, એનો જોટો વિશ્વ-અિતિહાસમાં મળતો નથી.

"ભૂલે એવો નથી !"

1915માં બાપુજી ભારત આવ્યા. એમના ગુરુ[ગોખલેજી]ના કહેવાથી એક વર્ શ સુધી એમણે દેશ આખામાં ફરી કેવળ નિરીક્શણ કર્યું; ત્યાં સુધી કોઅી જાહેર કામમાં ભાગ ન લીધો. એક વર્શને અંતે પ્રથમ [અંગ્રેજી અઠવાડિક] 'યંગ અિન્ડીઆ' હાથમાં લીધું. [પછી] ગાંધીજીએ ગુજરાતી સાપ્તાહિક ચલાવવાનું નક્કી કર્યું. આ વાતની જાણ થતાંવેંત અિન્દુલાલ યાગ્નિક મદદે આવ્યા. 'નવજીવન અને સત્ય' કરીને એમનું એક માસિક ચાલતું હતું; માલિકોએ એ ગાંધીજીને સોંપી દીધું. એ જ નામ ટૂંકાવીને બાપુજીએ એને સાપ્તાહિક બનાવ્યું. શંકરલાલ બેંકરે એને માટે એક પ્રેસ ખરીદી લીધો.

ગાંધીજી ભારત આવ્યા તે પહેલાં લોકમાન્ય ટિળકે મુંબઅીમાં એક મરાઠી દૈનિક 'રાશ્ટ્ર-મત' શરૂ કર્યું હતું. એમાં શ્રી ગંગાધરરાવ દેશપાંડેએ મને ખેંચ્યો. પછી ગુજરાતી 'રાશ્ટ્રમત' શરૂ કરવાનું નક્કી થયું. મરાઠીમાંથી ગુજરાતી અનુવાદ કરનાર એક જુવાન એમને મળ્યો, જે ગુજરાતી હોવા છતાં મરાઠીમાં વ્યાખ્યાનો આપતો હતો. એ આપણા સ્વામી આનંદ. 'રાશ્ટ્ર-મત'માં એની [ને] મારી અુત્તમ દોસ્તી થઅી.

હું આશ્રમમાં દાખલ થયો, એટલે મારા ઓળખીતા લોકો પણ આશ્રમમાં મને મળવા આવવા લાગ્યા. તેઓ ગાંધીજીને પણ મળે. આમ આવનારા લોકોમાં સ્વામી આનંદ [હતા]. આટલી નાની અુંમરે પણ સ્વામીએ પોતાની કાર્યશક્તિનો પરિચય આપ્યો હતો. સ્વામીએ બાપુને વચન આપ્યું કે, નવજીવન પ્રેસનું કામ હું છ મહિના સુધી સંભાળીશ અને તેની વ્યવસ્થા ગોઠવી આપીશ. બાપુજીએ સ્વામી આનંદને પ્રેસ અને છાપાનું કામ સોંપી દીધું. સ્વામીએ નવજીવન પ્રેસનો હવાલો લીધો અને પોતે પ્રેસના સંચાનું એક પૈડું હોય એટલી લગનીથી તે તેમાં કામ કરવા લાગ્યા.

એક દિવસ મારે પ્રેસમાં જવાનું થયું. ત્યાં જોયું કે સ્વામી પોતાના રિવાજ પ્રમાણે કામ કર્યે જાય છે. દૂધનો પ્યાલો પાસે પડેલો છે, સરસ પાકાં કેળાં સામે છે, અને પ્રૂફ એક પછી એક આવતાં જાય છે. સ્વામી ડાબે હાથે કેળું ખાતા જાય અને જમણે હાથે પ્રૂફ સુધારતા જાય. એક પ્રૂફ હાથમાંથી ગયું કે દૂધનો પ્યાલો લઅી એક ઘૂંટડો ભર્યો, ને પાછા મંડ્યા પ્રૂફ જોવા. ત્રણ-ત્રણ ચાર-ચાર દિવસ સુધી ન નાહતા કે ન શૌચ જતા. જ્યાં કામ, ત્યાં જ સૂવાની પથારી.

આ સ્થિતિમાં એક દિવસ સ્વામી પર અુત્તર હિંદના કોઅીક સ્થળેથી બાપુનું પત્તું આવ્યું. તેમાં કેવળ ''તમે 'નવજીવન'નું કામ સંભાળી લીધું છે, એટલે મને નિરાંત છે; આશા

છે કે તમારું કામ સારું ચાલતું હશે,'' એવી મતલબનું લખ્યું હતું. સ્વામી વિમાસણમાં પડ્યા કે, આવો પત્ર કેમ આવ્યો ? મેં કશી મુશ્કેલીની ફરિયાદ નથી કરી, ને મારે વિશે કોઈએ ફરિયાદ કરી હોય એમ પણ લાગતું નથી. તે બહુ વિચારમાં પડી ગયા.

પણ પછી યાદ આવ્યું કે, 'નવજીવન'નું કામ મેં છ મહિના માટે માથે લીધેલું, ને તે મુદત આજે પૂરી થાય છે. સ્વામી કહેવા લાગ્યા, ''આ વાણિયો ચતુર છે. આજ મારી મુદત પૂરી થઈ, એટલે નવેસરથી બાંધી લેવા માગે છે ! હું ભૂલી ગયો હતો કે હું છ મહિના માટે જ અહીં આવ્યો છું; પણ આ ડોસો ભૂલે એવો નથી. જુઓ, મને ફરીથી કેવો બાંધી લે છે !''

*

માટીના માણસોમાંથી

ગાંધીજીને એમના કીમતીમાં કીમતી પ્રયોગો કરવા માટે સાવ અદના દરજ્જાના સેવકો મળે છે, અને છતાં એમની પ્રેરણા એટલી બધી જલદ છે કે એવાં સાધનોથી પણ તેઓ ચમત્કારી પરિણામ બતાવી શકે છે. આશ્રમ અને વિદ્યાપીઠ બંને સંસ્થામાં મોટે ભાગે અમે સામાન્ય કોટિના માણસો જ કામ હાથમાં લઈ શક્યા, અને છતાં એ પ્રયોગ સફળ નીવડ્યા. જો ગાંધીજીને એમના અખતરા માટે ઉપરથી નીચે સુધી બધા જ મગનલાલભાઈ ગાંધી જેવા નિશ્ઠાવાન લોકો મળ્યા હોત, તો દરેક કામ કેવું દીપી નીકળત એ કોણ કહી શકે ? વખતે ઈશ્વરને એમ સિદ્ધ કરવું હોય કે સંકલ્પબળ હોય, બુદ્ધિ શુદ્ધ હોય, તો માટીના માણસોમાંથી પણ સંકલ્પો પાર પાડી શકાય છે. આજે કોઈ એમ ન કહી શકે કે ગાંધીજીને અપવાદરૂપ અલૌકિક માણસો મળ્યા તેથી જ તેઓ ફાવ્યા.

*

ગાંધીજી એટલે વિચાર અને આચાર; આચાર માટે વિચાર. જે વિચાર આચારમાં ન પરિણમે, તે તેમને મન કશા અર્થનો નથી. ગાંધીજીને વિચાર આવ્યો કે આચારમાં પરિણમ્યો જ છે. Live what you believe (તમે જે માનતા હો તે જીવી બતાવો), એ સૂત્રનો વધારેમાં વધારે અમલ કોઈએ કર્યો હોય તો તે ગાંધીજીએ. તેઓ તો એટલે સુધી માને છે કે જેવું માણસનું કર્મ, એવી એની બુદ્ધિ.

*

અડધો કલાક આપવા તૈયાર

હું ગુજરાતીમાં લખતો થયો, તેનું બધું શ્રેય સ્વામી આનંદને છે. સ્વામી સાથે મારો સંબંધ એટલો નિકટનો કે અમારામાંથી એક જણ જે પ્રવ્રુત્તિ આદરે, એ બંનેની ગણાય. 'નવજીવન'માં મસાલો ખૂટે તો સ્વામી મારી પાસેથી લેખ માગે.

બાપુજીનું તત્ત્વગ્નાન વગેરે વિગતો હું જાણું. મરાઠીમાં છાપું ચલાવવાનો મને સારો અનુભવ પણ ખરો. એટલે લેખો આપવામાં મારી અગવડ ફક્ત ભાશાની. મારી તૂટીફૂટી ગુજરાતીમાં હું સ્વામીને લેખ લખાવતો જાઉં, અને એ પોતે એને માટે સારા સારા શબ્દો પસંદ કરી લેખ લખતા જાય. આમ કેટલાયે સારા તળપદા શબ્દો મારા લેખોમાં આવવા લાગ્યા. લેખોના વિચારો અને નિરુપણશૈલી મારી, અને ભાશાની કરામત સ્વામીની. વાચકો આશ્ચર્યચકિત થઈ ગયા કે આ કોણ કાકા કાલેલકર એકાએક આભમાંથી ઊતરી આવ્યો છે અને આટલું સરસ ગુજરાતી લખે છે !

પછી તો મારું ગુજરાતી લખતાં લખતાં સુધારવાનું કામ બીજાઓ પણ કરવા લાગ્યા. એટલામાં હું તૈયાર પણ થયો. સ્વામી આનંદ પછી જુગતરામ દવે મારા લેખો લખવા લાગ્યા. પછી આવ્યા ચંદ્રશંકર શુક્લ.

1930ની આસપાસ જ્યારે બાપુજી યરવડા જેલમાં ''સ્ટેટ પરિઝનર'' તરીકે રખાયા હતા, અને જેલના નિયમ પ્રમાણે એમને એક સાથી આપવાની સરકારને જરૂર જણાઈ, ત્યારે ઈન્સપેક્ટર જનરલ ઓફ પરિઝન્સે મારી પસંદગી કરી મને સાબરમતી જેલમાંથી યરવડા મોકલ્યો. ત્યાં મારો કાર્યક્રમ ગોઠવવાનો વિચાર હું કરતો હતો, એટલામાં બાપુજી મારી આગળ આવીને કહે : ''કાકા, મેં મારા વખતનો હિસાબ કરી જોયો. હું તમને રોજ અડધો કલાક આપી શકું. મને ખબર છે કે તમને પોતાને હાથ લખવાની ટેવ નથી. સ્વામી, જુગતરામ કે ચંદ્રશંકરને લખાવો છો. તમારે કાંઈ લખાવવું હોય તો હું જરૂર લખી આપું. રોજ અડધો કલાક.''

સાંભળતાંવેંત હું તો પાણી પાણી થઈ ગયો. જ્યારે બોલવા જેવી હાલતમાં આવ્યો ત્યારે મેં કહ્યું, ''બાપુજી ! ભગવાને મને વિશેશ બુદ્ધિ આપી નથી, એ ખરું. પણ હું એટલો બધો બાઘો નથી કે આપને લખાવવા હું તૈયાર થઈ જાઉં.''

ફરી બાપુજીએ કહ્યું, ''ના, ના, સંકોચ કરવાનું કશું કારણ નથી. હું, ખરેખર, અડધો કલાક આપવા તૈયાર છું.''

મેં કહ્યું, ''આપને હાથે લખાવવા જેવું મારી પાસે કશું છે જ નહીં.''

ખરું જોતાં તે દિવસથી જ મારે પોતાને હાથે લખવાની ટેવ પાડવી જોઈતી હતી, જેથી મારું પરાવલંબન મટે.

*

દક્ષિણ આફ્રિકામાં એક વખત એક મુસલમાન બબરચીએ આવીને બાપુને કહ્યું કે, મને અંગ્રેજી આવડતું હોત તો મને સારા પગારની નોકરી મળત; આજના પગારમાં મારું પૂરું થતું નથી. એટલે બાપુ તેને અંગ્રેજી શીખવવા તૈયાર થતા. પેલાએ કહ્યું કે, ‘‘આપ મને શીખવવા તૈયાર થયા, એ આપની મહેરબાની; પણ હું નોકરી કરું કે આપની પાસે અંગ્રેજી શીખવા આવું ?’’

બાપુએ એનો ઇલાજ પણ શોધી કાઢ્યો—પોતે રોજ ચાર માઈલ પગે ચાલીને તેને ઘેર જઈ તેને અંગ્રેજી ભણાવવા લાગ્યા.

*

સારો ખેલાડી

કેવા કેવા લોકો સહકારી તરીકે બાપુજીને મળ્યા ! પણ એમણે કદી ફરિયાદ કરી નહીં. પાનાંનો સારો ખેલાડી જે હોય છે તે લઈને રમે છે; હાથમાં ખરાબ પાનાં આવ્યાં, એવી ફરિયાદ કરતો નથી. એ કહે છે કે, ‘‘ગમે તેવાં પાનાં આવે, હું તો એ લઈને બરાબર રમતો રહેવાનો; રમત તોડવાનો નથી.’’ પોતાના આખા જીવનમાં બાપુજીએ ફરિયાદ કરી નથી કે, ભગવાને મને આવા સાથીઓ શા માટે આપ્યા, અથવા આવો દેશ કેમ આપ્યો ? જે કાંઈ ભાગે આવ્યું, તેનો એમણે યોગ્ય અને ઉત્તમ ઉપયોગ કર્યો, એવી અદ્ભુત શક્તિ એમનામાં હતી. આટલા જુદા જુદા પ્રકારના લોકોને સાચવવા, એમની પાસે મોટાં મોટાં કામ કરાવવાં, અને વળી સત્યનો દ્રોહ ક્યાંય ન થાય તે માટે સાવધ રહેવું, એ કાંઈ નાનીસૂની સિદ્ધિ નથી.

*

[વિદ્યાપીઠની સ્થાપના વખતે] કેટલાક ધની લોકોએ કહ્યું કે, ‘‘અસ્પૃશ્યતાનિવારણની વાત પડતી મૂકશો તો અમે તમને તરત અમુક લાખ રૂપિયા આપીશું.’’ ગાંધીજીએ કહ્યું કે,‘‘લાખ રૂપિયાની વાત તો જવા દો; કરોડો રૂપિયા આપશો તોયે હરિજનોની ઉપેક્ષા વિદ્યાપીઠમાં ન જ થઈ શકે.’’

પોતાનાંને હોમનારા

ગાંધીજી તો માણસોના મોટા શિકારી. પરંતુ ભગવાન જેમ ભક્તની કસોટી કરે, તેમ ગાંધીજી પણ બરોબર કસોટી કર્યા પછી જ મૂંડે.

ગાંધીજી જેને એક વાર પોતાના ગણે તેને રામચંદ્રની પેઠે દુનિયાની વેદી પર હોમી જ દે. જો પોતાની દયા ખાય તો જ પોતીકાંની દયા ખાયને ! ગાંધીજીના આ અલૌકિક પ્રેમનો આસ્વાદ, હું ધારું છું, બે જણને વિશેશે મળ્યો છે : ચક્રવર્તી રાજગોપાલાચારી અને મગનલાલ ગાંધી. ગાંધીજીએ કહ્યું છે તેમ, એમણે મગનલાલભાઅીને અસહ્ય રીતે કફોડી સ્થિતિમાં મૂકવામાં મણા રાખી નથી. શરૂઆતથી આખર સુધી એવા એવા વિચિત્ર લોકોને ગાંધીજીએ આશ્રમમાં ભેગા કર્યા, અને એ લોકોએ એવો તો કડવો અનુભવ મગનલાલભાઅીને ચખાડ્યો, કે એમને ઠેકાણે બીજો કોઅી હોત તો સંસ્થા છોડીને ભાગી જ જાત ! આધ્યાત્મિક અને દેશસેવાની સંસ્થા ચલાવવી, એ કંઅી રમત વાત નથી. ખાંડાની ધારની અુપમા સાચે જ ક્યાંય લાગુ પડતી હોય, તો આવે ઠેકાણે. કશ્ટ અને અપમાન સહન કરવાં, હૃદયથી મૂંઝાઅી જવાય એવી પરિસ્થિતિમાં પોતાનું કૌટુંબિક જીવન હોમી દેવું, અને હસતે મોઢે કામ ચલાવવું, એ તો મોટો યોગ જ છે.

મગનલાલભાઅી એ આશ્રમના આદર્શની અને તપસ્યાની જીવતી જ્યોત છે. આજે આશ્રમમાં જે કંઅી સારું છે તે ગાંધીજીને નહિ પણ મગનલાલભાઅીને આભારી છે. મગનલાલભાઅીના સદ્ગુણો ભલે ગાંધીજીને આભારી હોય.

*

પોતે અુત્કટતાથી આગળ દોડી શકે, એટલું એમને માટે બસ ન હતું. સાથીઓને પણ સાથે રાખવા છે, તેઓ પણ પોતાનું અંગ જ છે, એ હતી ગાંધીજીની ભાવના.

ગાંધીજીનું સ્ત્રી-હ્રુદય

ગાંધીજીના વખતમાં કેટલીક સ્ત્રીઓ, અંગ્રેજી શીખીને [ભણીને] આગળ આવી. એમને વિશે ગાંધીજીને આદર હતો. એમની પાસેથી એમણે કામ પણ લીધું. પણ આ અંગ્રેજી શીખેલી [ભણેલી] બહેનો કનેથી એમણે બહુ મોટી અપેક્શા રાખી ન હતી. એ કહેતા : ''મારે એક મોટો અુઠાવ કરવો છે. એને માટે અશિક્શિત બહેનો અને અંગ્રેજી ન જાણનાર મધ્યમ વર્ગની બહેનોને જગાડવી જોઅીશે.''

આશ્રમમાં ગાંધીજી બહેનો માટે ખાસ વખત કાઢવા લાગ્યા. આનું અદ્ભુત પરિણામ આવ્યું. સ્ત્રીઓમાં એક નવી જાગ્રુતિ દેખાવા લાગી. દાંડીકૂચ વખતે આશ્રમના ઘણાખરા પુરુશો રણાંગણ પર અૂતરી પડ્યા, ત્યારે આશ્રમ ચલાવવાની જવાબદારી બહેનોએ સંભાળી. બધાં ખાતાં સરસ સાચવ્યાં. આશ્રમ બહારની બહેનોએ પણ જ્યાં-ત્યાં મોટાં કામ કર્યાં. દારૂબંધીના કામમાં તો એમનો ફાળો ઘણો મોટો હતો.

બાપુજીએ બહેનોને કઅી રીતે તૈયાર કરી, એ જાણવું હોય તો બાપુજીએ એમને જે પત્રો લખ્યા છે તેનો અભ્યાસ કરવો જોઅીએ. ['બાપુના પત્રો : આશ્રમની બહેનોને' : સં૰ કાકા કાલેલકર.]

લોકોએ શ્રીક્રુશ્ણ વિશે જે લખી રાખ્યું છે તેટલા પરથી શ્રીક્રુશ્ણની બરાબર કલ્પના કરી શકાતી નથી. તો પણ ગાંધીજીને સમજવા માટે શ્રીક્રુશ્ણની વિભૂતિને સમજવી અત્યંત જરૂરી છે. ગાંધીજીનું હ્રુદય સ્ત્રી-હ્રુદય જ હતું. સ્ત્રીઓમાં કોમળતા હોય છે. નમ્રતાને લીધે કહો અથવા દીર્ઘદર્શિતાને લીધે, સંઘર્શને બદલે સમજૂતી પર તેમની અધિક શ્રદ્ધા હોય છે. અભિમાની માણસ આગળ માથું નમાવી, એને બીજી રીતે હરાવવાની એક પદ્ધતિ એમની પાસે છે. પ્રેમનો દ્રોહ કર્યા વગર, કારુણ્યનો સ્રોત સૂકવ્યા વિના સ્ત્રીઓ તેજસ્વિતા દાખવી શકે છે. ગાંધીજીનો અહિંસક પ્રતિકારનો માર્ગ આ સ્વભાવ માટે અનુકૂળ હતો. બીજું કે, ગાંધીજીની આગળ સ્ત્રીઓ તદ્દન નિસ્સંકોચપણે વાતો કરતી. એમની શક્તિ-અશક્તિ ગાંધીજી જાણતા. એમની અશક્તિ દૂર કરી એમની શક્તિ મજબૂત કરવાનું કામ બાપુજીએ જેવું કર્યું તેવું, શ્રીક્રુશ્ણનો અપવાદ છોડીએ તો, બીજા કોઅી યુગપુરુશે કરેલું નથી.

*

બહેનોના બાપુ

એક વાર મેં બાપુજીને કહેલું કે, ‘‘આશ્રમમાં જેટલા પુરુશો આવ્યા છે તે બધા આપની પ્રવ્રુત્તિથી આકર્શાઈને આવ્યા છે. પણ સ્ત્રીઓ તો આશ્રમના આદર્શ જોઈને આવી છે એમ ન કહેવાય. એકબે અપવાદ છોડી દઈએ તો બાકીની બધી બહેનો પોતાના પતિ, પિતા કે ભાઈ—એવા જ કોકની પાછળ પાછળ આવી છે. આશ્રમજીવન એમને પરાણે સ્વીકારવું પડ્યું છે, એ દેખીતી વાત છે. કેટલીક બહેનોના મનમાં આશ્રમના આદર્શો વિશે અણગમો છે. સ્ત્રીઓને સમજાવવાની ધીરજ પણ પુરુશવર્ગમાં ઓછી છે. પરિણામે સ્ત્રીવર્ગ આશ્રમજીવનને શિથિલ કરવાને મથતો હોય એવું લાગે છે. આનો ઉપાય આપ જ કરી શકો એમ છો.’’

આના ઉપર ચર્ચા ચાલી અને નક્કી કરવામાં આવ્યું કે બાપુજીએ સ્ત્રીઓનો એક વર્ગ ચલાવવો. બાપુજીએ સ્ત્રીવર્ગ માટે વખત કાઢી એમાં પોતાનો આત્મા રેડ્યો. આની અદ્ભુત અસર થઈ. સ્ત્રીઓમાં એક નવી જાગ્રુતિ આવી.

એક વરસ પછી બાપુજીએ દક્શિણની યાત્રા શરૂ કરી. 1927-1929, એ ત્રણ વરસ દરમ્યાન બાપુજીએ બહેનો ઉપર કાગળો લખીને, સ્ત્રીમંડળનું પોતાનું જમાવેલું વાતાવરણ જાગ્રત રાખવાનો પ્રયત્ન કરેલો. બાપુજીના કાગળમાં ત્રણ વસ્તુનો સતત આગ્રહ દેખાય છે :

(1) સામાજિક જીવનનું મહત્ત્વ બહેનોના મન ઉપર ઠસાવવું. (2) ‘‘કેળવણી એટલે અક્શરગ્નાન’’ એ વહેમને તોડીને ‘‘કેળવણી એટલે ચારિત્ર્યનું ઘડતર અને જીવનની દ્રુશ્ટિએ જરૂરી એવું પાવરધાપણું’’ એ નવો વિચાર માન્ય કરાવવો. (3) આપણે સમાજ ઉપર ભારરૂપ ન થઈએ અને આપણા જીવનમાં પાપ પ્રવેશ ન કરે એટલા માટે શરીરશ્રમ, ઉદ્યોગપરાયણતા, સાદાઈ અને સંયમ પ્રત્યે નિશ્ઠા કેળવી એનું વાતાવરણ જમાવવું.

આ ત્રણ આગ્રહ સાથે તંબૂરાના સૂર પેઠે સ્ત્રી-સ્વાતંત્ર્યની વાત આ કાગળોમાં અખંડ આવે જ છે. સ્ત્રી ખરેખર અબળા નથી; પુરુશોની આશ્રિત થવાનું તેને કશું કારણ નથી; સ્ત્રી પોતાનું જીવન પોતાની ઇચ્છા મુજબ ઘડી શકે છે અને એ રીતે જ માનવપ્રગતિમાં પોતાનો ફાળો આપી શકે છે—એ જાતની શિખામણ બહેનોની શક્તિ પ્રમાણે એમને આપતા બાપુજી થાકતા જ નથી.

આશ્રમમાં કોક કોક વાર ચોર આવતા એ પ્રસંગનો લાભ લઈ બાપુજીએ પ્રશ્ન છેડ્યો કે ચોર આવે ત્યારે બહેનો શું કરે ? આશ્રમમાં જો પુરુશો ન હોય તો બહેનો પોતાનું રક્શણ કરે કે નહીં ?

પુરુશે પોતાની ભોગલાલસાને પ્રધાનપદ આપી સ્ત્રીઓનું જીવન એકાંગી, પરાધીન અને ક્રુતરિમ બનાવ્યું. પુરુશની સ્વામિત્વબુદ્ધિને કારણે જ સ્ત્રીજાતિ અબળા, અસહાય અને અનાથ ગણાઈ. એ બધું ધ્યાનમાં લેતાં સ્ત્રીરક્શાની છેલ્લી જવાબદારી પુરુશોની જ છે, એ સ્વીકારતાં છતાં બાપુજી કહે છે કે, અત્યારે ભલે તમે પોતાની મેળે પોતાની રક્શા ન કરી શકો; પણ એ શક્તિ તમારે ધીરે ધીરે કેળવવાની તો છે જ.

આ કાગળોમાં ગાંધીજીએ ઘણી સાવચેતીથી પોતાની સૂચનાઓ મૂકી છે. જેટલું ગળે ઊતરે, સર્વાનુમતે કરવાનું નક્કી થાય, તેટલું જ કરજો — એ અભયદાન તો ડગલે ને પગલે આપેલું જ છે.

એમણે પ્રારંભ કર્યો છે સમયપાલનના આગ્રહથી. પ્રાર્થનામાં આવવું જ છે, તો તે વખતસર આવવું જોઈએ. પ્રાર્થનામાં ધ્યાન પરોવવું, શ્લોકો મોઢે કરવા, ઉચ્ચારણ તરફ ખાસ ધ્યાન આપવું, એ બધું ધીમે ધીમે આવી જાય છે. પ્રાર્થનામાં જવાનું નક્કી કર્યા પછી અસાધારણ મુશ્કેલી વગર એ ન ટળાય. જે માથે લીધું એનું પાલન થવું જ જોઈએ.

કુટુંબભાવના કરતાં વ્યાપક એવી સામાજિક ભાવના સ્ત્રીઓમાં કેળવવાનો ગાંધીજીએ પ્રયત્ન કર્યો છે. પછી ધીમે ધીમે એમને રસોડું સોંપ્યું છે. રસોડા સાથે કોઠાર આવી જ ગયો. કોઠાર સાચવતાં હિસાબ રાખવાની વાત આવી. એટલે એની કેળવણી મેળવ્યે જ છૂટકો. આટલે સુધી પહોંચ્યા પછી સ્ત્રીઓને બાળમંદિર સોંપી દેવાની બાપુજીએ પેરવી કરી.

સ્ત્રીઓની કેળવણીની બાબતમાં બાપુજીએ બહુ હળવો કાર્યક્રમ એમની આગળ રાખ્યો છે : લખવા-વાંચવાનો મહાવરો રાખો, અક્શર સુધારો, ઉચ્ચારણ શુદ્ધ કરો; નામું લખવું એ કાંઈ અઘરી વાત નથી; એને માટે સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર—એટલું ગણિત આવડવું જોઈએ.

ત્યાર પછી આવે છે ઉદ્યોગમંદિરની કેળવણી : આપણે ધીરે ધીરે ખેડૂત, વણકર, ભંગી અને રબારી થવાનાં છીએ. એમ જરૂરી કેળવણીનાં અંગો સ્ત્રીઓ આગળ એમણે મૂક્યાં છે. પણ બાપુજીનો મુખ્ય આગ્રહ છે કે સાચી કેળવણી તે હ્રુદયની જ છે. એને માટે પહેલી વાત નિર્ભયતાની છે. જન્મમ્રુત્યુનો હર્શશોક છોડી દેવો જોઈએ. પુરુશ વગર આપણે અસહાય છીએ, એ ખ્યાલ સૌથી પહેલો કાઢી નાખવો જોઈએ. એને માટે ઘરેણાં અને શણગાર બંને છોડી દેવાં જોઈએ. સાચું સૌંદર્ય હ્રુદયમાં છે, એ કેળવીએ. સાચી કળા સાદી અને સ્વાભાવિક હોય છે. સુઘડતામાં, વ્યવસ્થિતતામાં ઘણીખરી કળા આવી

જાય છે.

સ્ત્રી-સંગઠનમાં જ્યારે શિથિલતા આવી, ત્યારે ગાંધીજીએ સ્પશ્ટ કહ્યું કે નિયમો મોળા નહીં કરતાં; નિયમો મોળા કરી લાગુ પાડવા કરતાં એ કાઢી નાખવા એ સારું છે.

દરેક પ્રસંગે અંતર્મુખ થવાની કળા બાપુજી શીખવે છે. ચોરોની ચર્ચા કરતાં એમણે અચૂક કહી દીધું છે કે, આપણે અપરિગ્રહવ્રતનું પાલન બરાબર કરતાં નથી અને ગફલતમાં રહીએ છીએ, તેથી જ ચોરી થાય છે.

બાપુજીને એક જ વાત સ્ત્રીઓ ઉપર ઠસાવવી છે કે, આશ્રમમમાં તૈયાર થાઓ, પાવરધાં થાઓ, નિર્ભય થાઓ, અને લાચાર સ્ત્રીવર્ગની સેવા કરવા નીકળી પડો. ગાંધીજીએ અસાધારણ રીતે સ્ત્રીહ્રુદય કેળવ્યું હતું તેથી જ તેઓ સ્ત્રીઓના હ્રુદય સુધી પહોંચી શકતા હતા.

*

સરકાર જ અન્યાય કરે ત્યારે

માણસે કોઈ ગુનો કર્યો, તો એને સરકાર સજા કરે છે. સજામાં દુખ અને નુકસાન ઉપરાંત સામાજિક અપ્રતિશ્ઠા પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

પણ સરકાર પોતે જ જ્યારે અન્યાય કરે, ત્યારે એ સરકારને જ અપમાનિત કરવાનો એક અહિંસક ઇલાજ ગાંધીજીએ શોધી કાઢ્યો. સરકારનું કામ અન્યાયી હોય ત્યારે એ સરકારની જાહેર રીતે ઝાટકણી કાઢવી, અને એ સરકાર પ્રત્યેનો અસંતોશ તીવ્રપણે અમલમાં આણવા માટે કોઈ એવું ‘‘બે-કાયદા’’ કામ કરવું, જેમાં અનીતિ ન હોય. તે વખતે માણસ જાહેર કરે : મેં છડેચોક આ પાપી સરકાર સામે ગુનો કર્યો છે, અને એને માટે સરકાર જે સજા કરશે તે ખુશીથી ભોગવવા તૈયાર છું. આવું કરીએ એટલે સરકાર સજા કરવાની. પણ આથી ‘‘ગુનેગાર’’ની સામાજિક પ્રતિશ્ઠા તૂટતી નથી. ઊલટું, સરકાર જ અપ્રતિશ્ઠિત થાય છે.

*

જીવનના કલાકાર

કઅી વસ્તુ સાથે શું શોભે છે, કઅી વસ્તુ બીજી કોઅી વસ્તુ પાસે મૂકવાથી, પોતે સુંદર હોવા છતાં, વિશ્રી લાગે છે— આ સૂક્ષ્મ વિવેક જેના જીવનમાં, જીવનની છેક નાનીનાની વાતોમાં, બોલવામાં-ચાલવામાં, હસવામાં, બધી જ વાતોમાં પ્રગટ થાય છે એને આપણે સંસ્કારી માણસ કહીએ છીએ.

શાંતિનિકેતનમાં હતો ત્યારે મેં રવીન્દ્રનાથના જીવનમાં આ જાતની સંસ્કારિતા જોઅી હતી. એમનું જીવન મેં અત્યંત નજીકથી જોયું છે. પત્ર લખતાં, લેખ લખતાં, ચર્ચા કરતાં, એમના દરેક વ્યવહારમાં આર્યતા કે ઔચિત્યનો ભંગ કદી થયો નથી. નારાજી, ચીડ વ્યક્ત કરતી વખતે પણ તેઓ કદી જીવનકળાની મર્યાદા ભૂલ્યા નહિ.

ગાંધીજી તો જીવનના એક મોટામાં મોટા કળાકાર રહ્યા. તેમાંય ઔચિત્ય તરફ તેઓ અધિક ધ્યાન દેતા. એક વાર અમે બાપુજીને સિંધમાં કૃરુપાલાનીજીના આશ્રમમાં લઅી ગયા. તે વખતે તેઓ કાઠિયાવાડી પદ્ધતિનાં કપડાં પહેરતા : ધોતિયું, પહેરણ, અુપરણું અને પાઘડી. નીકળતી વખતે બાએ એમની સૂટકેસ ભરી આપી હતી. પણ અુતાવળમાં બા પાઘડી મૂકતાં ભૂલી ગયેલાં. સિંધુ બ્રહ્મચર્યાશ્રમ પહોંચ્યા પછી ગાંધીજીના ધ્યાનમાં આ આવ્યું. એટલે અમે બજારમાં જઅી સફેદ કપડું લઅી આવ્યા. આ કપડું સફેદ તો હતું પણ નવું હતું, અને ધોતિયું-પહેરણ વગેરે વાપરેલાં હોવાથી એ કપડાંનો રંગ જુદી જાતનો હતો. ગાંધીજીને સફેદ રંગનો આટલો અમથો ફેર પણ ખૂંચ્યો. અમે આખી રાત બેઠા. નવા કપડાને ત્રણ-ચાર વાર ધોયું. જ્યારે તેનો રંગ પહેરણના રંગ સાથે ''મેચ'' થયો, ત્યારે જ બાપુજીએ એનો પાઘડી તરીકે અુપયોગ કર્યો. આટલી નાનકડી વાતોમાં પણ બાપુજી અત્યંત ચોખલિયા હતા.

*

સામાજિક અન્યાય, ગરીબોનું અપમાન, અસહાય લોકોની વિડંબના ગાંધીજી સહન કરી શકતા ન હતા. હિંસાને અુત્તેજન આપ્યા વગર અને દ્વેશને કોઠું આપ્યા વગર બળવો કેમ કરવો, એ કળામાં ગાંધીજી પ્રવીણ હતા. જે લોકો હજારો વરસોથી દબાયેલા છે, એમને માટે લડતાં ગાંધીજીને શૂર પચતું. એમના દોશો કેટલા છીછરા હોય છે, અને એમની ભલાઅી કેટલી અૂંડી હોય છે, એનો ગાંધીજીને પૂરતો ખ્યાલ રહેતો.

જીવનકલાનું પ્રધાન લક્શણ

સેવાગ્રામમાં એક દિવસ સેવાદળના સ્વયંસેવકો ગાંધીજીને મળવા આવ્યા. ડ્રિલ અને કવાયતની તેમની સુંદર તૈયારી ગાંધીજીને દેખાડી તેમના આશીર્વાદ લેવા હતા. ગાંધીજીએ કવાયત વગેરે જોઈ પોતાનો સંતોશ વ્યક્ત કર્યો. સંચાલકે બે શબ્દ કહેવાની ગાંધીજીને પ્રાર્થના કરી. સ્વયંસેવકો દૂર કતારમાં બેઠા હતા. ગાંધીજીએ કહ્યું : ‘‘મારા બે શબ્દ સાંભળવા હોય તો નજીક આવો.’’

સૂચના સાંભળતાં જ બધાં સ્વયંસેવકોનું ટોળું હુડડડ કરતું ઊભું થયું અને ગાંધીજીની નજીક અવ્યવસ્થિત રીતે ઊભું રહ્યું.

ગાંધીજીએ કહ્યું : ‘‘તમે લોકો તાલીમબદ્ધ છો. કતારમાં કેમ ચાલવું, કેમ દોડવું, એનો સુંદર પ્રયોગ હમણાં જ તમે દેખાડ્યો હતો. તમે લોકો જ્યાં બેઠા હતા ત્યાંથી મારી પાસે આવવામાં એ જ વિદ્યા કામે લગાડી હોત, તો મને ખૂબ આનંદ થાત. કતારમાં રહીને ઊભા થઈ ઝડપથી ચાલતા મારી નજીક આવી અર્ધા વર્તુળમાં આગળના લોકો બેસી ગયા હોત, અને પાછળવાળા ઊભા રહ્યા હોત, તો તમારી કવાયત કામમાં આવી હોત. કવાયત માત્ર દેખાડવા માટે નથી, રોજબરોજના જીવનને વ્યવસ્થિત કરવા માટે હોય છે.’’

*

દુનિયામાં જેટલું ગ્નાન, જેટલું કૌશલ અને વ્યવસ્થાશક્તિ આપણે પ્રાપ્ત કરીએ છીએ, તે કસોટીને સમયે કામ આવી શકે તો જ એની કિંમત છે. કલાની બાબતમાં તો આ વાત વિશેશપણે લાગુ પડે છે. કલા એ વ્યવસ્થા, સુંદરતા, સંયમ, પ્રસન્નતા અને કરકસર પણ છે.

કાશ્મીરના એક પ્રસિદ્ધ કવિએ સાહિત્યકલાનું વર્ણન કરતાં અલંકાર અને રસથી ઉપરનું સ્થાન ઔચિત્યને આપ્યું છે. તે કહે છે કે કાવ્યરસ સિદ્ધ ભલે થયો હોય, એમાંથી જ્યારે ઔચિત્ય પ્રગટે છે ત્યારે જ સાચું કાવ્ય બને છે.

ઔચિત્ય કાવ્યનું પ્રધાન લક્શણ તો છે જ, પરંતુ જીવનકલાનું પણ તે જ પ્રધાન લક્શણ છે. કઈ ચીજ સાથે કઈ ચીજનો મેળ રહે છે, કયા અંશનું કેટલું પ્રમાણ હોવું જોઈએ, કઈ ચીજ બીજી કઈ ચીજના સહવાસથી, સ્વયં સુંદર હોવા છતાં પણ સૌંદર્યપૂર્ણ બને છે, તેનું સૂક્શ્મ ગ્નાન જ્યારે રોજિંદા જીવનમાં ઊતરે છે ત્યારે જ સમજવું જોઈએ કે તે વ્યક્તિ પૂર્ણરૂપથી સંસ્કારી છે.

માણસ ઊંચામાં ઊંચા કુળનો હોય અથવા નીચા કુળનો હોય, પણ જ્યારે તે પોતાની

વાચચીતમાં, રોજબરોજના જીવનવ્યવહારમાં અને નાનમોટાની સાથે સમાગમમાં આવતાં પોતાની સંસ્કારિતા પ્રગટ કરે છે, ત્યારે જ તેની સાચી કુલીનતા પ્રગટ થાય છે.

શાંતિનિકેતનમાં હું પાંચ-છ મહિના રહ્યો. એ દરમ્યાન કવિવર રવીન્દ્રનાથને રોજબરોજના જીવનમાં અનેક સ્વરૂપે અને નજીકથી જોવાની તક મળી. ભાશામાં, અંગપ્રત્યંગના હાવભાવ અને દરેકની સાથેના વર્તાવમાં તેમની કલાત્મકતા સુંદર રૂપે પ્રગટતી હતી. પ્રસન્નતા, નારાજી અથવા ગુસ્સો વ્યક્ત કરવામાં પણ તે કદી જીવનકલાની મર્યાદા ભૂલતા નહીં. રોજબરોજની એમની અુપયોગની ચીજો, કપડાં, લેખનસાહિત્ય, બધાંમાં તેમની કલાત્મક અભિરુચિ વ્યક્ત થતી હતી; અને હવે તો દુનિયા જાણે છે કે કવિતા બનાવતાં કાગળ પર તેમને જે કાપકૂપ કરવી પડતી તેને પણ તેઓ કલાત્મક રૂપ આપી શકતા.

આ કલાત્મકતા કેવળ ભાશા, અવાજ, હલનચલન, હાવભાવ અને રીતરિવાજમાં જ નહીં, પરંતુ સામાજિક, આર્થિક, રાજનૈતિક અને સામૂહિક જીવનમાં પણ વ્યક્ત થવી જોઅીએ. એટલે સુધી કે વિપરીત વસ્તુનું જીવનમાં સ્થાન જ રહે નહીં. અુત્તમ ગવૈયાના મુખેથી કર્કશ વિસંવાદી સ્વર નીકળશે જ નહીં. કોલાહલમાં પણ તે તાલબદ્ધતા લાવશે, અને પ્રાણ છોડતી વખતે અંતિમ શ્વાસ પણ સમના ઠેકા પર જ છોડશે.

*

એક પુસ્તક માટે અપવાદ

ગાંધીજીને મારું લખાણ વાંચવાની તસદી મેં પોતે કોઅી દી આપી નથી. એક અપવાદ યાદ આવે છે. એક વાર બાપુજી માંદા પડ્યા હતા. ડોક્ટરે એમને સુગમ અને મનોરંજક પુસ્તકો જ વાંચવાની રજા આપી હતી. એમણે આશ્રમના પુસ્તકાલયમાંથી 'ભદ્રંભદ્ર' પુસ્તક મંગાવ્યું. એમના હાથમાં એ પુસ્તક જોઅી મેં પૂછ્યું : ''આપ આવાં પુસ્તકો વાંચવા માટે વખત કાઢી શકતા હો, તો મેં આપનો શો અપરાધ કર્યો છે ? મારું 'ઓતરાતી દીવાલો' પુસ્તક આપ કેમ ન વાંચો ?''

એમણે પૂછ્યું, ''એમાં શું છે ?''

મેં કહ્યું, ''વરસાદ, પવન, કાગડા, કીડી જેવી સ્રુશ્ટિ-નિરીક્ષણની કેટલીક વાતો છે.''

એમણે એ પુસ્તક મંગાવી વાંચી લીધું, અને ખુશ ખુશ થઅી ગયા. કહેવા લાગ્યા : ''આપણાં [નવજીવન પ્રકાશન મંદિરનાં] બધાં પ્રકાશનો સાદાં અને સસ્તાં હોવાં જોઅીએ, એવો મારો આગ્રહ હોય છે. પણ 'ઓતરાતી દીવાલો' માટે હું અપવાદ કરવા તૈયાર છું. અુત્તમ કાગળ, સુંદર છપાઅી અને અુત્ક્રુશ્ટ ચિત્રો આપી આ પુસ્તક શણગારવું જોઅીએ.''

મેં પૂછ્યું, ''આવી આવ્રુત્તિ કાઢીએ, તો આપ તેની પ્રસ્તાવના લખી આપશો ?''

તેઓ બોલ્યા, ''અવશ્ય. કલાની વસ્તુ છે. એની કદર તો થવી જ જોઅીએ.''

*

પુસ્તક-ભંડાર

[ગાંધીજીએ કાકા કાલેલકર પર તા. 30-7-42એ (એટલે કે ઓગસ્ટમાં 'હિંદ છોડો'ની આખરી લડત શરૂ થઅી તે અગાઅુ થોડા દિવસે જ) લખેલા પત્રમાં એક વાક્ય હતું : ''આપણે એક પુસ્તક-ભંડાર રાખવો જોઅીએ, જેમાં આપણે પસંદ કરેલાં પુસ્તકો વેચી શકાય.]

બાપુજીની પુસ્તક-ભંડાર રાખવાની યોજના ઘણી મહત્ત્વની છે. એ પ્રમાણે પુસ્તક-વેચાણ દ્વારા સેવા કરવાના મેં અનેક વાર પ્રયત્ન કર્યા. મને એમાં ખૂબ રસ હતો. આ જ કામને વરેલો કોઅી સાથી મને મળી જાત, તો એને કેળવી એક ''આદર્શ બુક સેલિંગ એજન્સી'' ધીકતી કરી બતાવવાની અિચ્છા હતી. હજી પણ માનું છું મારામાં એ શક્તિ છે. પણ એની તક મને મળી નથી.

"ત્યાગ કર્યો હોય તો—"

1915ની આખરની વાત હશે. બાપુ કાંઈક લખતા હતા. હું પાસે બેઠો બેઠો અુમર ખય્યામની 'રુબાયત'નો [અંગ્રેજી] તરજૂમો વાંચતો હતો. ફિટ્ઝિરાલ્ડના અનુવાદનાં વખાણ મેં બહુ સાંભળ્યાં હતાં, પણ એ વાંચ્યો નહોતો. ચોપડી પૂરી થવા આવી હતી, ત્યાં બાપુનું ધ્યાન મારા તરફ ગયું. ''શું વાંચો છો ?'' તેમણે પૂછ્યું. મેં ચોપડી બતાવી.

નવીસવી ઓળખાણ થયેલી. બાપુ સીધો અુપદેશ આપવા માગતા નહોતા. અૂંડો નિસાસો નાખી તેમણે કહ્યું : ''મને પણ અંગ્રેજી કવિતાનો બહુ શોખ હતો. પણ મેં વિચાર કર્યો કે મને અંગ્રેજી કવિતા વાંચવાનો શો અધિકાર ? મારી પાસે વખત ફાજલ રહેતો હોય, તો હું મારી ગુજરાતી લખવાની શક્તિ કાં ન વધારું ? દેશની સેવા કરવી હોય તો મારો બધો વખત મારી સેવાશકતિ વધારવામાં રોકવો જોઈએ.''

થોડી વાર થોભી પાછા બોલ્યા : ''દેશસેવાને કાજે મેં ત્યાગ કર્યો હોય તો તે અંગ્રેજી સાહિત્યના શોખનો. પૈસા અને 'કરિયર'[કારકિર્દી]ના ત્યાગને તો હું ત્યાગ ગણતો જ નથી, એ તરફ મને કદી ખેંચાણ જ નહોતું. પણ અંગ્રેજી સાહિત્યનો શોખ પાર વગરનો હતો. પણ મેં નિશ્ચય કર્યો છે કે એ શોખ મારે છોડવો જોઈએ.''

હું સમજી ગયો, અને ચોપડી બાજુએ મૂકી દીધી.

*

અવતારી પુરુશ નહીં

ગાંધીજી મનુશ્ય છે. મનુશ્યમાં જે જે વિકાર આવી શકે, તેને તેઓ આધીન હતા. ગાંધીજી જો અવતારી પુરુશ હોત તો, હ્રુદયને સાક્શી રાખીને હું કહું છું કે, તેમને હું ન પૂજત. સમાજ જેમને અવતારી પુરુશો ગણે છે એવાઓના ગાઢ પરિચયમાં આવવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. એવા લોકો વિશે મારા મનમાં આદર છે. પણ ગાંધીજીએ જેટલી શ્રદ્ધા કેળવી છે, તેટલી તો હું ક્યાંયે જોઈ શક્યો નથી.

ગાંધીજીની મહાવીર, બુદ્ધ કે શ્રીક્રુશ્ણની જોડે હું સરખામણી નથી કરતો. પણ તેમણે જે ધર્મ પ્રવર્તાવ્યો છે તે જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ અને ભાગવત ધર્મનો નિશ્કર્શ છે અને તેથી એ ત્રણે કરતાં ચડિયાતો છે, એમ હું માનું છું.

તારાઓનો સ્વાદ

1930માં બાપુજી સાથે યરોડા જેલમાં હતો, ત્યારે રેંટિયો કાંતવાની કળા અને એના સુધારા તરફ બાપુજીનું ભેજું ચાલતું.

જેલમાં અમને રાત્રે ખુલ્લામાં સૂવાની છૂટ હતી. એનો લાભ લઈને મેં મારો માનીતો વિનોદ ચલાવ્યો. તારાઓ સાંજે આકાશમાં દેખા દે, નવા નવા પૂર્વ તરફ ઊગે, આખી રાત આકાશની મુસાફરી કરી સવારે આથમતા જાય, એ જોવાની મને મજા પડતી. સત્તાવીસ નક્ષત્રો, એમના આકાર હું બરાબર જાણું. આકાશના પંથમાં દિવસે સૂર્યની અને રાત્રે ચંદ્ર ને ગ્રહોની ગતિ જોવાની મને મજા પડે.

આવો આનંદ બાપુજીને પણ આપ્યા વગર મારાથી કેમ રહેવાય ? એટલે રાત્રે સૂતાં પહેલાં અને સવારે પ્રકાશ થાય તે પહેલાં ગ્રહો અને નક્ષત્રો તરફ બાપુજીનું ધ્યાન હું ખેંચું. મને નિરાશ ન કરવા માટે બાપુજી એ બધું જોતા ખરા, પણ એમને ખરેખર રસ જામ્યો ન હતો.

દિવસે બાપુજીને નવરા જોઉં, એટલે તે તે દિવસે ચંદ્ર અને ગ્રહો કયાં કયાં નક્ષત્રોમાં હોય છે તે પણ બાપુજીને આપણા પંચાંગમાંથી સમજાવું. ત્યાર પછી પૂનાના અમારા સ્નેહી પ્રો. ત્રિવેદી પાસેથી મેં પશ્ચિમના જ્યોતિશશાસ્ત્રની ચોપડીઓ મંગાવી. આકાશના તારાઓના નકશા મંગાવ્યા. એ પણ બાપુજીને બતાવ્યું. બાપુજીને થતું હશે કે આપણો સાથી આટલા ઉત્સાહથી સમજાવે છે, ત્યારે એમાં કાંઈક તો રસ બતાવવો જ જોઈશે !

પછી તો જેલમાંથી હું છૂટ્યો. બાપુજી પણ છૂટ્યા અને ફરી પકડાયા. ’બત્રીસની સાલમાં કોણ જાણે શી રીતે બાપુજીને આકાશના તારાઓનો સ્વાદ એકાએક વળગ્યો. પછી તો પૂછવું જ શું ? એમણે જાતજાતની ચોપડીઓ મંગાવી. પોતે વાંચે, અને હું જે જેલમાં હોઉં ત્યાં મારે માટે મોકલાવે. કાગળ લખવાની સગવડ હોય ત્યારે આકાશના તારામાં પડતી મજાનો ઉલ્લેખ કરે અને કોક વાર માહિતી પણ પૂછે. 1932ની લડતમાં મારે અનેક જેલોમાં જવું પડ્યું હતું. તેમાં આકાશના તારાઓનો આનંદ તો હું મેળવતો જ હતો. પણ “બાપુજી સાથેની આનંદની આપલે”નો આનંદ તો અનેરો અને અનેકગણો રહેતો.

સ્વરાજ-સાધનાના ચિંતનમાં મશગૂલ બાપુજીને તારાઓમાં રસ પમાડવો સહેલો ન હતો. આગળ જતાં એ રસ એકદમ જાગ્યો. પછી પ્રાર્થના-પ્રવચનોમાં તારાદર્શન અને એની આધ્યાત્મિક અસર વિશે બોલવા લાગ્યા.

[કાકાસાહેબ પરના ગાંધીજીના એ અરસાના પત્રોના કેટલાક અંશ :]

યરવડા મંદિર, 3-6-1932

આકાશદર્શનમાં ઠીક ખૂંચ્યો છું. હવે તમારી સાથે વાત કરતાં છેક મૂઢ જેવો ન લાગું; મારા હાથમાં પુસ્તકો આવ્યાં તેમાં હજુ લગી વધારેમાં વધારે ઉપયોગી Flamelliaનું જણાયું છે. એક સારું પુસ્તક ગુજરાતીમાં હોવું જોઈએ. અને તેમાં ખગોળશાસ્ત્રનું જ્ઞાન પણ હોય. આપણે ત્યાં બે નોખાં પુસ્તકો ન પોસાય. આપણે તો ખગોળનું શાસ્ત્રીય જ્ઞાન અને અનુભવ, બંનેનું મિશ્રણ જોઈએ. તમે અહીં હોત, તો એવા પુસ્તકનું કામ તમારી પાસેથી લેત. અને હું એમાં ઠીક ઠીક ફાળો આપત. મારું જ્ઞાન અત્યંત કાચું ન હોત, તો હું પોતે લખવા બેસી જાત. એવો રસ મને એમાં લાગ્યો છે. અને આ શાસ્ત્રની ધાર્મિક ઉપયોગિતા હું જોઈ ગયો છું.

*

યરોડા મંદિર, 23-7-1932

આકાશદર્શનથી રાત્રિનો વખત જાણી શકાય, અથવા તો ગ્રહો અને તારાગણોનો સંબંધ વૈદિક દેવતાઓની સાથે છે, એ વિશે મેં ખ્યાલ નહોતો કર્યો. એ બધું રસિક છે. પણ મારો રસ જુદા જ પ્રકારનો છે. આકાશને નિહાળતાં જ અનંતતાનો, સ્વચ્છતાનો, નિયમનનો, ભવ્યતાનો ખ્યાલ આવે છે, એ આપણને શુદ્ધ કરે છે. ગ્રહોને અને તારાઓને પહોંચી શકીએ, અને ત્યાં પણ ભલે કદાચ પૃથ્વીની ઉપર સારા-નરસાનો અનુભવ થાય છે તેવો થાય. પણ દૂરથી તેમાં જે સૌંદર્ય રહેલું છે અને ત્યાંથી જે શીતળતા છૂટી રહી છે તેની શાંત અસર પડે છે, એ મને અલૌકિક લાગે છે. અને આકાશની સાથે આપણું અનુસંધાન કરીએ એટલે ગમે ત્યાં બેઠા હોઈએ તેની કાંઈ હરકત ન રહી. એ તો ઘેર બેઠાં ગંગા આવ્યા જેવું થયું. આ બધા વિચારોએ મને આકાશદર્શન-ઘેલો કરી મૂક્યો છે, અને તેથી મારા સંતોશ પૂરતું જ્ઞાન મેળવી રહ્યો છું. જેમ્સ જીન્સનાં ત્રણ પુસ્તકો પ્રો. ત્રિવેદીએ મોકલ્યાં. તેમાંનાં બે મોટાં વાંચી ગયો. મને બંને ગમ્યાં.

[જેમ્સ જીન્સ (1877-1946) : અંગ્રેજ ખગોળશાસ્ત્રી અને લેખક. અમેરિકાની વિખ્યાત વિલ્સન વેધશાળામાં 1923-44 દરમ્યાન. બીજા અભ્યાસી ગ્રંથો ઉપરાંત વિજ્ઞાનને લોકભોગ્ય બનાવનારાં પુસ્તકો લખ્યાં : 'યુનિવર્સ એરાઉન્ડ અસ' (1929), 'સ્ટાર્સ ઇન ધેર કોર્સીઝ' (1931), 'થ્રુ સ્પેઈસ એન્ડ ટાઈમ' (1934)—સંપાદક]

હવે જરા ખગોળનો પદ્ધતિસર અભ્યાસ કરી રહ્યો છું. અત્યારે ખરાસનું પુસ્તક વાંચી રહ્યો છું. લેખકે એ પુસ્તક પર સરસ મહેનત લીધી લાગે છે. ચિત્રો પુશ્કળ છે, એ બહુ મદદકર્તા છે.

*

યરોડા મંદિર, 26-8-1932

તમે જે ચોપડીઓની નોંધ કરી છે, તેમાંની ત્રણ તો હીરાલાલે મને મોકલી છે : 'સ્ટેલર મેપ્સ', 'भगोलचित्रम्', 'હિંદુ એસ્ટ્રોનોમી'. મારી પાસે તો ખગોળવિદ્યાનાં પુસ્તકોનો એક સારો ભંડાર થઈ રહ્યો છે. સવારનાં નક્શત્રોનાં તમે નામ આપ્યાં છે એ બધાં સહેજે હું ઓળખી લઉં છું. થોડુંક તો રોજ વંચાય છે જ. તમારાં પ્રકરણો ઉપર આંખ ફેરવી ગયો છું. ઊંડા ઊતર્યા વિના તેમાં એક વસ્તુનો અભાવ જોઉં છું : પશ્ચિમના ખગોળશાસ્ત્રીઓનાં નામ અને ટૂંકાં જીવનવૃત્તાંત. કેટલાંક તો બહુ સાહસિક અને પુણ્યજીવન છે એમ લાગે છે. આપણું ખગોળ વિશેનું પુસ્તક યથાસંભવ પૂર્ણ હોવું જાઈએ. વળી આપણું પુસ્તક એવુંયે ન થવું જોઈએ કે જે બહુ ભણેલા જ સમજી શકે. ગામડિયાઓને દૃષ્ટિની સામે રાખીને લખાયેલું હોવું જોઈએ.

['भगोलचित्रम्' : સંસ્કૃતના ત્રણ શબ્દો : भ = અવકાશના તારા, ख = આકાશ, भू = પૃથ્વી. આ પ્રમાણે પૃથ્વીના દેશોના નકશાઓ જેમાં છે, તેને 'ભૂગોલચિત્ર' કહી શકાય. આકાશના સૂર્ય, ચંદ્ર, ગ્રહ, તારા, નક્શત્ર, આકાશગંગા વગેરેની વિદ્યાને જ્યોતિશ અથવા ખગોળ-વિદ્યા કહે છે. અને જેમાં આકાશના તારાની આકૃતિઓ વગેરે આપે છે તેને 'ભગોલચિત્રમ્' કહે છે.—કા.કા.]

*

યરોડા મંદિર, 20-9-1932

જીન્સનાં ત્રણ પુસ્તક મને બહુ ગમ્યાં. એ મારે તો બે-ત્રણ વાર વાંચવાં જોઈએ. ઘણી વસ્તુનું ચિત્ર મારી સામે ખડું નથી થયું. છતાં હવે એમાં રસ જામ્યો છે !

*

યરવડા મંદિર, 12-2-1933

હું તો હમણાં ત્રણ વાગ્યે ઊઠું છું એટલે ગુરુ, મંગળ માથે બિરાજતા હોય છે. આકાશદર્શનનો રસ ચાલું જ છે. સોમવારે મોટું દૂરબીન આવવાનું છે.

*

"આ દુર્દશા દૂર કરો !"

'નવજીવન'માં જ્યારે [થોડું] લખાણ ખૂટે, ત્યારે સ્વામી આનંદ મારી પાસે કંઈક લખાવીને તેને ઠીકઠાક કરી છાપી દે. પણ 1922માં બાપુ જેલમાં ગયા, ત્યારે મારે આખું 'નવજીવન' ભરી આપવું પડતું હતું.

જેલમાં બાપુએ સાંભળ્યું હશે કે 'નવજીવન'નું કામ હું સારી રીતે સંભાળું છું. એટલે એક દિવસ તેમનો પત્ર આવ્યો : ''અંગ્રેજીમાં શબ્દોની જોડણી નિશ્ચિત હોય છે, તેમ ગુજરાતીમાં નથી. ગુજરાતીમાં જેને જેમ ફાવે તેમ જોડણી કરે છે. એની આ દુર્દશા દૂર કરવાનું કામ તમારું છે. મને એવો કોશ બનાવી આપો કે જેમાં ગુજરાતીના બધા શબ્દો હોય અને દરેક શબ્દની શુદ્ધ જોડણી નિયમ પ્રમાણે આપવામાં આવી હોય.''

બાપુ છૂટ્યા, મળ્યા ત્યારે મેં કહ્યું, ''બાપુજી, આવી અપેક્શા તમે મારી પાસે કેવી રીતે રાખો ? ગુજરાતી નથી મારી જન્મભાશા; વ્યાકરણ તો મને આવડતું જ નથી.''

બાપુ બોલ્યા : ''એ તો ખરું. પણ જેની મદદ જોઈએ તેની લો. મેં એ કામ તમને સોંપી દીધું છે. તમારી પાસે માગીશ. આ વસ્તુનું મહત્ત્વ સમજો, અને ખામી વગરનો કોશ તૈયાર કરી ગુજરાતીની જોડણીને વ્યવસ્થિત કરી આપો.''

મેં માથું નમાવ્યું. હું ગુજરાતીનું વ્યાકરણ લઈને બેઠો. પાછલાં ચાળીસ વરસમાં જોડણી વિશે જે જે ચર્ચા થયેલી, તે બધી એકઠી કરી. મહાદેવભાઈ, નરહરિભાઈ અને હું પોતે, એમ ત્રણ જણની સમિતિ નીમી. આગળ જતાં એ કામ વિદ્યાપીઠને સોંપી દીધું. અને અનેક મિત્રોની મદદથી આખરે પાંચ વરસની મહેનત પછી બાપુને એક શુદ્ધ 'જોડણીકોશ' અર્પણ કર્યો. એ કોશની પહેલી આવ્રુત્તિ 1929માં બહાર પડી, તેમાં 43,783 શબ્દોની ફક્ત શુદ્ધ જોડણી આપવામાં આવી હતી.

બાપુ બહુ રાજી થયા. 'નવજીવન'માં એમણે લખ્યું કે, ''હવે પછી સ્વેચ્છાએ જોડણી કરવાનો કોઈને અધિકાર નથી.'' ભલભલા વિદ્વાનોએ જોઈ લીધું કે ગાંધીજીએ ગુજરાતીની જોડણી સ્થિર કરવા આ ભારે કામ કર્યું છે, તેથી તેમણે ગાંધીજીનો અધિકાર માન્ય રાખ્યો.

પણ એ તો કેવળ જોડણી પૂરતો શબ્દકોશ થયો. સામાન્ય લોકોને અર્થ વગરના કોશનો અુપયોગ શો ? એ કામ મેં મગનભાઈ દેસાઈને સોંપ્યું. એ પ્રમાણે 'સાર્થ જોડણીકોશ' 1931માં તૈયાર થયો. સૌથી પહેલાં વડોદરા રાજ્યે એને માન્યતા આપી, ત્યાર પછી ગોંડલના રાજ્યે, પછી મુંબઈ યુનિવર્સિટીએ ને મુંબઈ રાજ્યે. ''શબ્દરચના હરીફાઈ'' ચલાવનાર લોકોએ પણ વિદ્યાપીઠની જોડણીને જ પોતાની માન્યતા હોવાનું

જાહેર કર્યું.

કેટલાક વિદ્વાનોએ મને સૂચવ્યું કે, જોડણીના જૂના નિયમોમાં સુધારા કરી નવેસરથી એક જોડણીકોશ તૈયાર કરવાની જરૂર ઊભી થઈ છે. અંગ્રેજીની જોડણી માટે જેમ અમેરિકામાં અમુક સુધારાની પ્રવૃત્તિ ચાલે છે, તેમ ગુજરાતમાં પણ સર્વમાન્ય અદ્યતન સુધારા [કરાય] તો અમે રાજી થશું. એ કામ તમે કરો.

જવાબમાં હું કહું છું, મારી પાછળ ગાંધીજીના માહાત્મ્યનું બળ હતું, એટલે તે વખતે એ મોટું કામ થઈ ગયું. હવે એ સ્થિર થયેલી જોડણીમાં સુધારાને અવકાશ છે. પણ એને માટે પીઠબળ હવે સ્વરાજ્યના દિવસોમાં ગુજરાત સરકારનું તેમ જ ગુજરાતની તમામ યુનિવર્સિટીઓનું છે. એમાં એટલું જ ધ્યાન રાખવાનું કે સુધારો કરવા જતાં ફરી અરાજકતા દાખલ ન થાય. શુદ્ધિ મહત્ત્વની છે, પણ સર્વમાન્ય સ્થિરતા એ જ સૌથી મહત્ત્વની વસ્તુ છે.

*

ધર્મયુદ્ધના નિયમો

ગાંધીજીએ નાનીમોટી લડાઈઓ લડવામાં જ જિંદગી ગાળી છે. લડવા સારુ જ તેમનો જન્મ છે, એમ કહીએ તોપણ ચાલે. અને છતાં તેમણે એક પણ માણસ સાથે વેર રાખ્યું નથી.

દક્ષિણ આફ્રિકામાં તેમનાથી વિરુદ્ધ વિચાર ધરાવનાર કેટલાક લોકોનું એક મંડળ જનરલ સ્મટ્સને મળવા ગયું હતું. પોતાની વાત સ્મટ્સના મન પર બરાબર ઠસાવવા જેટલું ભાષાનું જ્ઞાન અથવા કુશળતા તેમના કોઈનામાં ન હતાં. તેમણે ગાંધીજીને જ વિનંતી કરી કે, આપ અમારે ખાતર આટલું કામ કરી આપો. ગાંધીજીએ તે કામ કરી આપવાનું કબૂલ કર્યું અને એ લોકોને પૂરેપૂરો સંતોષ આપ્યો.

આ પ્રસંગમાં ગાંધીજીનું અજાતશત્રુપણું જેટલું જોવામાં આવે છે, તેટલી જ પોતાના વિરોધીના આ ગુણની કદર કરી તેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકનાર પેલા ભાઈઓની શ્રદ્ધા પણ તરી આવે છે. પોતાની ખેલદિલીથી ગાંધીજીએ કેટલાયે શત્રુને મિત્ર બનાવ્યા છે, કેટલાયે જણને સજ્જનતાના પાઠ ભણાવ્યા છે, અને જ્યાં દ્વેષ ને છેતરપિંડીનું રાજ્ય હતું ત્યાં ધર્મયુદ્ધના નિયમોને માન્યતા અપાવી છે.

*

પેટ ભરાયું નહીં

મેં એક વાર બાપુજીને કહેલું : ''આપની આત્મકથા એટલી બધી પારદર્શક, સત્યનિશ્ઠ છે અને એમાં એટલા બધા વિવિધ રસો મળે છે કે વિશ્વસાહિત્યમાં એ જરૂર અૂંચું સ્થાન મેળવશે. અને છતાં એ ચોપડી વિશે મારા મનમાં ઘણો અસંતોશ છે. કેટલીયે સારી સારી વસ્તુઓ તે તે પ્રસંગે આપ અુમેરી શકત. તે નથી મળતી એટલે સરસ વાની ચાખી, પણ પેટ ભરાયું નહીં, એવું થાય છે એ આત્મકથા વાંચતાં.''

બાપુજીએ કહ્યું, ''મારે મારી આખી આત્મકથા થોડી જ લખવી હતી ? મારા સત્યના પ્રયોગો પરત્વે જેટલું જરૂરી જણાયું તેટલું જ મેં એમાં આણ્યું છે. તમારી દૃશ્ટિએ એમાં જે અૂણપ છે, તે પૂરી કરવાનું કામ તમારું.''

[પછી યરવડા મંદિરમાંથી, બીજી જેલમાં રહેલા નાદુરસ્ત કાકા કાલેલકરને એમની તબિયત સુધારવા વિશે લખતાં 21-4-1933ના પત્રમાં ગાંધીજીએ કહેલું : ''તમે ઘોડા જેવા થઅી જજો અને 'આત્મકથા'નો રહેલો ભાગ પૂરો કરજો. મારી પાસેથી આશા રાખવી, એ તો વેળુ વલોવવા જેવું છે.''—સંપાદક]

ગાંધીજીના સત્યના પ્રયોગોનું બયાન વિશ્વસાહિત્યમાં પોતાનું સ્થાન લઅી ચૂક્યું છે. એની શૈલી અુપર દેશદેશાંતરના લોકો મુગ્ધ છે. અનેક સાધકોએ એમાંથી પ્રેરણા મેળવેલી છે. છતાં કહેવું પડે છે કે એ ગ્રંથથી આપણને પૂરતી તૃપ્તિ થતી નથી. સત્યનિશ્ઠ ગાંધીજીએ જેટલું લખ્યું છે તેટલું તો બધું યથાર્થ જ છે. પણ એમની પાસેથી આપણે જે જે જાણવા માગીએ છીએ તે બધું એમાં આવ્યું જ છે એમ ન કહેવાય. જીવનનો આદર્શ નક્કી કરતાં પહેલાં મનમાં જે ભવતિ-ન-ભવતિ ચાલે છે, જે મનોમંથન જીવનને પ્રક્શુબ્ધ કરી મૂકે છે, તેનું વર્ણન એ આત્મકથામાં ક્યાંય ન મળે. અમુક પ્રસંગ બન્યો એટલે મેં આમ નક્કી કર્યું, એમ ગાંધીજી લખી નાખે છે. એ નિર્ણય અુપર આવતાં પહેલાં કેટલી બૌદ્ધિક વિટંબણાઓમાંથી પસાર થવું પડ્યું, કેટલા વિકલ્પો સેવવા પડ્યા અને છોડવા પડ્યા, એનો અુલ્લેખ ક્યાંય જડતો નથી. અને નિર્ણય થયા પછી પણ શરીરને, ચિત્તવૃત્તિને અને વાસનાઓને તે દિશા તરફ વાળતાં કેટલી મહેનત પડી, કેટલા ઘાટ ચઢવા પડ્યા, અને તેને માટે આત્મશક્તિ કેળવતાં હારજીતની કેટલી ભરતી-ઓટમાંથી પસાર થવું પડ્યું, એ બધું એમણે આપ્યું નથી. જાણે નિશ્ચય અને સિદ્ધિ વચ્ચે કશું અંતર જ ન હતું. અને એમ જ થયું હોય તોયે આટલી જબરદસ્ત સંક્લ્પશક્તિ કેળવવા માટે એમણે શું શું કર્યું, એ તો આપણને મળવું જોઅીએ.

પ્રથમથી જ ગાંધીજી સાથે રહેલા અને ગાંધીજીની આખી જીવનપ્રેરણા સમજનારા કોઅી સાથીઓએ જો નિરીક્ષણ કરીને ગાંધીજીનું આંતરિક ચરિત્ર લખી આપ્યું હોત, તો એમની આત્મકથા પર પ્રકાશ પાડતું એ એક મહાભાશ્ય થઅી જાત અને દુનિયાએ એવા ગ્રંથને એમની આત્મકથા કરતાં પણ વધારે આવકાર આપ્યો હોત.

*

લોકોનાં હૈયાંમાં પેસવા

ગ્રીક અને લેટિન ભાશાઓએ યુરોપને એક કર્યું હતું. પણ એ ઐક્ય અુપલા સ્તરના લોકોનું હતું. એ જ રીતે આ દેશમાં સંસ્કૃતે અુપલા લોકોનું ઐક્ય સ્થાપ્યું હતું.

આ દેશમાં લોકભાશાના પહેલા પુરસ્કર્તા હતા બુદ્ધ ભગવાન. એમણે કહ્યું કે, "મારે લોકોનાં હૈયાંમાં પેસીને લોકોમાં એક સર્વસામાન્ય નૈતિક સ્તર નિર્માણ કરવો છે, તે હું સંસ્કૃત ભાશા મારફત ન કરી શકું. સંસ્કૃત અુપલા લોકોની ભાશા છે. મારે જનતાની ભાશા જોઅીએ છે."

એમણે પાલી ભાશાની મદદ લીધી. "પલ્લી" એટલે ગ્રામ. પાલી એટલે ગ્રામભાશા. મહાવીરે પણ તેમ જ કર્યું. આ બન્ને કહેતા કે, અમે અુપરના લોકો માટે આવ્યા નથી; લોકો માટે—જનતા માટે—અમારો જન્મ છે.

સંતોએ એ જ કામ આગળ ચલાવ્યું. તેઓ સંસ્કૃત શીખતા. ગ્નાન મેળવતા સંસ્કૃત મારફત, પણ ગ્નાનદાનનું કામ લોકભાશા મારફત કરવા માગતા હતા.

ગાંધીજી આ જ કામ હિંદુસ્તાની મારફત કરવા માગતા હતા. હિન્દીવાળાઓએ હિન્દીમાં સંસ્કૃત શબ્દો અનહદ વધારી દીધા, હિન્દીને પંડિતોની ભાશા બનાવી. મુસલમાનોએ અુર્દૂને મુલ્લાંની ભાશા બનાવી. બંનેએ એક જ ધંધો ચલાવ્યો—સામાન્ય જનતાથી દૂર જવાનો. ગાંધીજી હતા જનતાના માણસ. એમણે બંને બાજુના લોકોને હિન્દુસ્તાની દ્વારા જનતાભિમુખ બનાવવાનો પ્રયત્ન કર્યો.

*

કલમ દ્વારા કામ

સ્વરાજની હિલચાલ દરમિયાન ગાંધીજીએ પોતાની રચનાત્મક પ્રવ્રુત્તિઓ દ્વારા દેશને અને દુનિયાને ભારતીય સંસ્ક્રુતિના યુગાનુકૂલ નવા સ્વરૂપનું દર્શન કરાવ્યું. એને અંગે અસંખ્ય લેખો લખ્યા. આખા દેશને અને દુનિયાને જે લખી આપવા જેવું એમની પાસે હતું તે એમણે પોતાનાં છાપાં મારફતે આપ્યું.

કર્મવીર ગાંધીજીએ અસંખ્ય લોકોને હજારો કાગળો લખ્યા છે. ઘણાખરા કાગળો બહુ ટૂંકા હતા; કેટલાક લાંબા લેખો જેવા મોટા હશે. એમને જે હજારો સાથીઓ મળ્યા તેમની સાથે—લગભગ દરેક સાથે—અંગત સંબંધ કેળવી તેમને ઘડવાનું કામ સંભાશણ દ્વારા, મુલાકાતો દ્વારા અને પત્રવ્યવહાર દ્વારા એમણે જે કર્યું, તેનો જોટો દુનિયામાં બીજે મળવો મુશ્કેલ છે. હું નથી માનતો કે માનવસેવાને અર્થે અુત્તમોત્તમ કાર્યકર્તાઓ ઘડવાનું કામ કેળવણીકાર ગાંધીજીએ જેવી રીતે કર્યું તેવી રીતે અને તેટલું કામ કરનાર બીજો કોઅી મહાત્મા થયો હોય.

ગાંધીજીએ પોતાની કલમ દ્વારા એટલું જ મહત્ત્વનું ત્રીજું કામ કર્યું છે. પોતે સ્થાપેલી અથવા બીજાઓએ ચલાવેલી અસંખ્ય સંસ્થાઓ જોડે ગાંધીજીનો નિકટનો સંબંધ હતો. લગભગ દરેક સંસ્થા ચલાવનાર રાશ્ટ્રસેવક સલાહસૂચના અને પ્રેરણા મેળવવા માટે ગાંધીજી પાસે આવ્યા વિના રહેવાનો જ નહીં. ગાંધીજી પણ પૂર્ણ આત્મીયભાવે બધી વાતો સાંભળી વિગતવાર સલાહ આપવાના જ; અને જરૂર પડ્યે તે તે સંસ્થાને ખાસ ઠરાવો ઘડવામાં મદદ કરવાના. આ રીતે કોંગ્રેસના અને બીજી અનેક સંસ્થાના અસંખ્ય ઠરાવો ઘડવામાં ગાંધીજીનો હાથ છે. ભવિશ્યની પરિસ્થિતિ અને આજે સહેજે ધ્યાનમાં ન આવી શકે એવી મૂંઝવણોનો વિચાર કરી દૂરંદેશીથી એ બધાંને પહોંચી વળવા માટે ઠરાવોની સુંદર શબ્દાવલિ ઘડવામાં ગાંધીજી એક્કા હતા.

*

જનહિતનાં કાર્યો કરતાં ગાંધીજીએ સાહિત્ય પાસેથી ઘણું કામ લીધું છે. સાહિત્ય એ સેવાનું સાધન છે; એ જેટલું શુદ્ધ, સંસ્કારી અને સમર્થ બનાવાય, તેટલી રાશ્ટ્રની શક્તિ વધવાની જ છે એમ તેઓ માને છે. સાહિત્યના ધુરંધરોને એમણે વીનવ્યા છે કે, તમારી શક્તિનો પૂરેપૂરો લાભ હળ હાંકનાર અને કોશ ચલાવનારા ગરીબ વર્ગને આપો, એમની સંસ્કારિતા એ જ તમારું સમાધાન હોય, એમનું ચારિત્ર્ય એ જ તમારી શક્તિ હોય, અને એમની બુદ્ધિશક્તિ એ જ તમારી કસોટી હોય.

સ્વરાજ્ય સરકારનો પણ આધાર નહીં

ગુજરાતની રાજકીય પરિશદે [1920માં] એક ઠરાવ કરી અમુક લોકોની સમિતિને આદેશ આપ્યો કે ગુજરાત માટે ‘‘સરકારથી સ્વતંત્ર એક રાશ્ટ્રીય વિદ્યાપીઠ’’ની સ્થાપના કરે.

શ્રી નરહરિભાઅી, કિશોરલાલભાઅી અને હું ગુજરાતમાં બધે ફર્યા. બે મહિનામાં બધું વાતાવરણ તૈયાર કર્યું. અને 18મી ઓક્ટોબરને દિવસે ગુજરાત વિદ્યાપીઠની પ્રવ્રુત્તિ બાપુજીના આશીર્વાદ સાથે શરૂ કરી.

ગાંધીજીએ આ વિદ્યાપીઠને જે સિદ્ધાંતો આપ્યા, એમાંનો બીજો સિદ્ધાંત નીચલા શબ્દોમાં એમણે મૂકેલો :

‘‘વિદ્યાપીઠ તરફથી ચાલતી તથા તેણે માન્ય કરલી પ્રત્યેક સંસ્થા અસહકારી હશે. અને તેથી સરકારનો કોઅી પણ પ્રકારનો આશ્રય નહીં લઅી શકે.’’

આ સિદ્ધાંત ગાંધીજીએ આપ્યો ત્યારે આ દેશ અુપર અંગ્રેજોનું રાજ્ય હતું. અને એ વિદેશી સરકાર સામે, ગાંધીજીની પ્રેરણાથી, દેશે અસહકાર પોકાર્યો હતો. સ્વરાજ્ય થયું એટલે ગાંધીજીના જ સાથીઓના હાથમાં રાજ આવ્યું. પછી અસહકારનો કશો અર્થ રહ્યો નથી, માટે વિદ્યાપીઠના નેતાઓએ આ કલમ કાઢી નાખી એ સ્વાભાવિક છે. અને યથાકાળે એ જ સ્વરાજ્ય-સરકારના નેતાઓએ ગુજરાત વિદ્યાપીઠ જેવી અનેક રાશ્ટ્રીય સંસ્થાઓને માન્યતા આપી, અનુદાનો આપ્યાં, એ બધું યથાયોગ્ય થયું છે.

અને છતાં ગાંધીજીની નીતિ નોખી હતી, એ વસ્તુ તરફ ધ્યાન ખેંચવું મારું કર્તવ્ય સમજું છું. વિદ્યાપીઠનાં ધ્યેયો ગાંધીજી પાસેથી સ્વીકારતાં એમની સાથે મેં જે ચર્ચા કરી હતી અને એમની પાસેથી જે સ્પશ્ટતા મેળવી હતી, તે અહીં નોંધું છું.

મેં ગાંધીજીને કહ્યું કે, ‘‘ભારતની સંસ્ક્રુતિ, ભારતની સામાજિક-આર્થિક પરિસ્થિતિ, બધાંનો વિચાર કરી આપે આ બાર સૂત્રો આપ્યાં છે. પણ તેમાંનું આ અસહકારનું સૂત્ર, અસહકારના કાળ પૂરતું જ હોઅી, બીજાં સૂત્રોની પેઠે એ પૂરતું વ્યાપક નથી.’’

તે વખતે ગંભીર થઅી ગાંધીજીએ કહ્યું : ‘‘અસહકારની વાત આ સૂત્રમાં મેં ચાલુ નીતિ પૂરતી જ મૂકેલી છે, એ વાત ખરી છે. પણ તમે જાણો છો કે જે અહિંસક સંસ્ક્રુતિ આપણા દેશમાં આપણે ચલાવવા માગીએ છીએ, તેમાં સરકારનું કામ જેટલું ઓછું કરી શકાય તેટલું કરવું. સ્વરાજ્યમાં પણ આપણે સરકાર નામની સંસ્થા અુપર જેટલો ઓછો આધાર રખાય તેટલો સારો. તેથી સ્વરાજ્યના દિવસોમાં પણ આપણી કેટલીક સંસ્થાઓ

સરકારનો આધાર ન લે, એ જ આપણે ઇચ્છીએ છીએ.''

વાત ટૂંકાવવા માટે મેં ઉમેર્યું હતું કે, ''આપ ઇચ્છો છો કે સ્વરાજ્યના દિવસોમાં પણ કેળવણી જેવી જીવતી રાષ્ટ્રીય સંસ્થા સરકારનો આશ્રય ન શોધે, એ જ ઉત્તમ છે.''

બાપુજીએ કહ્યું, ''અંગ્રેજોનું રાજ્ય હટાવી જે સ્વરાજ્ય સ્થપાશે, તે પણ આપણે ઇચ્છીએ એવું ન હોય. એની પાસેથી કામ ઓછામાં ઓછું લઈએ, અને કાંઈ નહીં તો આપણી વિદ્યાપીઠ સરકારને આધારે નહીં જ ચાલે. સત્ય અને અહિંસામાં માનનાર લોકો સરકાર ઉપર આધાર રાખવાનું જરાય પસંદ ન કરે. સરકારો કેવી હોય છે એ વિશેનો મારો અભિપ્રાય 'હિંદ સ્વરાજ'માં મેં આપ્યો છે, તે તમે જાણો છો.''

મેં કહ્યું, ''વિદેશી સરકાર માટે નહીં પણ તમામ સરકારો માટે તમે ત્યાં આકરામાં આકરા શબ્દો વાપર્યા છે...''

બાપુજીએ વચમાં જ કહ્યું, ''સરકાર આજે એક પક્ષના હાથમાં હશે, કાલે બીજા પક્ષના. અને કોઈ પણ સરકાર નૈતિક ચારિત્ર્ય વધારનારું કામ સ્વેચ્છાએ કરતી નથી. દેશમાં વાતાવરણ તૈયાર થઈ જાય, એટલે લોકોના દબાણને વશ થઈ સરકાર એને કાયદાનું સમર્થન આપે છે, એટલું જ. તેથી હું ઇચ્છું છું કે, સ્વરાજ્ય થયા પછી અસહકારની નીતિ રહેશે નહીં. છતાં તમારા જેવા આ સંસ્થાને સરકાર-આધારિત નહીં જ બનાવો, એની મને ખાતરી છે. આદર્શ રાષ્ટ્રસેવકો તૈયાર કરનાર વિદ્યાપીઠ સરકારની આશ્રિત ન જ થવી જોઈએ.''

બાપુજી જોડે જે વાતચીત થઈ હતી, તે જ અહીં મેં મારા શબ્દોમાં મૂકી છે.

શરૂઆતમાં સરકાર પાસેથી આપણે માન્યતા મેળવીએ ત્યારે સરકાર અનુદાન આપે, અને છતાં વિદ્યાપીઠ ઉપર કાબૂ ચલાવવાનો પ્રયત્ન સરકાર નહીં કરે. સરકાર ચતુર હોય છે. ગુજરાત વિદ્યાપીઠ જેવી ગાંધીજીની તેજસ્વી સંસ્થા સરકાર પાસેથી માન્યતા મેળવવા અરજી કરે, એટલું સરકારને આજે બસ છે. ચોટલી હાથમાં આવે તોયે એ ચોટલી ખેંચે નહીં, એટલી ચતુરાઈ સરકાર પાસે છે.

આગળ જતાં જ્યારે સરકારની માન્યતાને જોરે વિદ્યાપીઠના સ્નાતકોને સારી સારી નોકરીઓ મળશે, સરકારનાં ઉદાર અનુદાનોની મદદથી સંસ્થાએ પોતાનો વિસ્તાર વધાર્યો હશે, ત્યારે જનતા પણ માનશે કે સરકારની મદદથી કામનો આવડો મોટો વિસ્તાર થયો છે, એટલે સરકારની આણ કબૂલ રાખવામાં ડહાપણ છે. આગળ જતાં સંસ્થાની ઉપયોગિતા વધશે. પણ તેજસ્વિતા અને ક્રાંતિકારિતા ટકશે, એની ખાતરી શી ? માટે હું કહું છું કે આજે સરકારના ઘરમાં આપણી પ્રતિષ્ઠા ઉત્તમ હોય તોયે, એને આધારે આપણે જીવીએ

એમાં જોખમ છે. આપણી આવકનો મોટો ભાગ જનતા પાસેથી જ આપણે મેળવવો જોઈએ. જનતા આગળ આપણી પ્રતિશ્ઠા કાયમ રહે, એ મુખ્ય વાત છે.

અને ગાંધીજીના વિચારો જાણતો હોવાથી હું ભારપૂર્વક કહીશ કે સરકારના અનુદાન અુપર આપણે આધાર રાખતા થયા, તો સરકાર અુપર કાબૂ રાખવાની આપણી ક્રાંતિકારી મહત્ત્વાકાંક્શા છોડી જ દેવી પડશે. રાજસત્તા કે ધર્મસત્તા કરી ન શકે તે સાંસ્કૃતિક કામ તેજસ્વીપણે ચલાવવા માટે, અને આપણી ક્રાંતિકારિતા ટકાવવા માટે, આપણે કોક દિવસે સરકારથી સ્વતંત્ર થયે જ છૂટકો. આકરામાં આકરી સ્થિતિમાં પણ પ્રજાનો અંતિમ આધાર વિદ્યાપીઠ જેવી રચનાત્મક ક્રાંતિકારી સંસ્થા જ છે, એ જાતનો વિશ્વાસ પ્રજામાં જાગ્રત રહેવો જોઈએ. રાશ્ટ્રહિતનો બધી બાજુથી વિચાર કરનાર ચિંતકો અને રાશ્ટ્રહિતની મહત્ત્વની પ્રવ્રુતતિઓ ચલાવનાર સેવકો એ જ સમાજ માટે અંતિમ આધાર છે, એમ સમજી જાહેર જીવન સરકાર-આશ્રિત ન રહે એ જોવાનું કામ આપણું છે. અને એ કામ વિદ્યાપીઠ જેવી સંસ્થાઓ જ કરી શકશે.

*

હ્રુદયની વિશાળતા

ગાંધીજીની ધર્મદ્રુશ્ટિ લોકોના દોશો જોવાની બનતાં સુધી ના જ પાડે છે. અને જ્યારે તે જુએ ત્યારે પણ, માણસના દોશો એ જ એના જીવનનું સ્થાયી અંગ છે એમ માનવાની પણ ના પાડે છે. હ્રુદયની વિશાળતાથી તેઓ બધાનો સ્વીકાર કરે છે, માગે તેને મદદ આપી છૂટે છે, અને કોઈના કામમાં માથું મારતા નથી. પોતાના કામમાં પોતાની શરતે ગમે તેનો સહકાર સ્વીકારવા તત્પર રહે છે, અને પરિણામ ઈશ્વરના હાથમાં સુરક્શિત છે એવી શ્રદ્ધાથી હમેશ ચાલે છે.

અને પરિણામ એટલે શું ? સમાજનું હ્રુદય કંઈક અુન્નત થાય, રાશ્ટ્રીય જીવન તેજસ્વી થાય, સત્યનું વધારે સ્પશ્ટ દર્શન થાય, અને શુદ્ધ હ્રુદયનો વિજય થાય, એટલું જ માણસ અિચ્છી શકે. એ પરિણામમાં ગાંધીજી કોઈ કાળે હાર્યા નથી.

*

ફક્ત એક બાબતમાં—

બાપુજી જ્યારે જ્યારે ખાદીની વાત કરતા ત્યારે હું જાણતો હતો કે પ્રજાજીવનને નિચોવીને અમુક લોકો આગળ આવે એ વસ્તુનો વિરોધ કરવો છે. પણ મને લાગતું હતું કે બાપુજી પોતાની શ્રદ્ધા ઉપર અધિક ભાર મૂકે છે. દેશ એ ઝીલી ન શકે. પણ મારે મન એ વસ્તુ ગૌણ હતી.

પણ હું અસ્વસ્થ થયો એ દિવસે જ્યારે બાપુજીએ એક મોટું જાણે સૂત્ર મૂક્યું : ''રાષ્ટ્રીયશાળા એટલે રેંટિયાશાળા''. રાષ્ટ્રીય કેળવણીમાં ખાદીને મહત્ત્વ આપવા હું તૈયાર હતો. રાષ્ટ્રીય કેળવણીમાં શ્રમને મહત્ત્વનું સ્થાન હોય, એના વગર શોષણથી મુક્ત એવા સમાજની સ્થાપના થઈ ન શકે, એ વસ્તુ રાષ્ટ્રને ગળે ઉતારવાનો મારો પ્રયત્ન બરાબર ચાલતો હતો. પણ રાષ્ટ્રીય શાળા એટલે રાષ્ટ્રની આત્મજાગ્રુતિની શાળા, ચૈતન્યમય સંસ્કૃતિના વિકાસની શાળા, એવા એવા પ્રેરણાદાયી શબ્દો હું વાપરતો હતો. ત્યાં બાપુજીએ રાષ્ટ્રીયશાળા એટલે રેંટિયાશાળા એ સૂત્ર મૂકીને મને આઘાત પહોંચાડ્યો. ફક્ત એક બાબતમાં બાપુજીની પ્રેરણા સમયાનુકુલ નથી, એમ મને લાગવા માંડ્યું.

*

વિરોધવૃત્તિ છીનવી લેનાર

ગાંધીજીની વિશેષતા એ છે કે તેઓ વિરોધીઓ પાસેથી તેમની વિરોધવૃત્તિ છીનવી લે છે. જેની સાથે તેમનો વિરોધ હોય, તેની સાથે ઘટે તે કરતાં પણ વધુ પક્ષપાત તેઓ પહેલેથી જ બતાવી દે છે. પોતાના વિરોધીઓને પોતાના જ જેવા સજ્જન અને બહાદુર માની લે છે. દરેક માણસનું હૃદય સ્વાર્થ, અભિમાન, ઈર્ષ્યાથી ભરપૂર હોય છે; બિચારી ધર્મબુદ્ધિ એક ખૂણામાં દબાઈ રહે છે. પોતાની ઉદારતાથી ગાંધીજી એ ધર્મબુદ્ધિને જાગ્રત કરે છે; અને પછી વિરોધીઓના ઘરમાં પણ સ્વાર્થ, ક્રોધ આદિ રિપુઓ અને ધર્મબુદ્ધિ વચ્ચે સંગ્રામ શરૂ થાય છે. યુદ્ધશાસ્ત્રવિશારદો કહે છે કે રણસ્તંભ તો વિરોધીઓના ક્ષેત્રમાં જ રોપાવો જોઈએ. ગાંધીજીએ આ નિયમનું સંપૂર્ણ પાલન કર્યું છે.

*

નમ્રતાનો અવતાર

ગાંધીજીમાં સિદ્ધાંતનિશ્ઠાની પરાકાશ્ઠા હતી, આત્મવિશ્વાસના તો તેઓ મેરુ જ હતા. સાથેસાથે એટલી જ અસાધારણ નમ્રતા પણ તેમનામાં હતી. નમ્રતા એમના બોલવાચાલવામાં ડગલે ને પગલે દેખાઅી આવતી. દાદાભાઅી નૌરોજી જેવા કોઅી વ્રુદ્ધ રાશ્ટ્રપુરુશની આગળ તેઓ સ્વાભાવિક રીતે જેટલા નમ્ર દેખાતા. એટલા જ નમ્ર તેઓ પોતાના સહકારીઓ સાથે સમાનતાથી વર્તતા ત્યારે પણ દેખાતા. રવીન્દ્રનાથ આગળ તેઓ કેટલા નમ્ર દેખાતા ! નમ્રતાને અવતાર લેવાનું મન થયું અને તે એમને રૂપે અવતરી, એમ જ કહેવાનું મન થાય.

પણ નમ્રતા વિશે એમના વિચારો વિલક્શણ જ હતા. તેઓ કહેતા કે બીજા સદ્ગુણોની જેમ નમ્રતાનું અનુશીલન થઅી શકે નહિ. નમ્રતા કેળવવાનો કોઅી પ્રયત્ન કરવા જાય, તો તેનામાં ક્રુત્રિમતા આવે. એક વાર એમણે મને કહ્યું : ‘‘મારી અુંમર પચાસ વરસની હોય ત્યારે હું નમ્રતાથી શું એમ કહું કે એ પિસ્તાળીસ વરસની છે ?’’

ગાંધીજીમાં ચારિત્ર્યનું તેજ હતું, અને કસોટીની વેળાએ પ્રયત્નની પરાકાશ્ઠા કરવાનો દ્રુઢ નિશ્ચય પણ હતો. જે સત્યનિશ્ઠ હોય તેને પોતાના ગ્નાનનું, ચારિત્ર્યનું કે આત્મવિશ્વાસનું અભિમાન નથી હોતું. મોટા મોટા વીરો જ્યાં કસોટીને પ્રસંગે કાચા નીવડે છે, ત્યાં કસોટીની વેળાએ આપણું ગ્નાન, ચારિત્ર્ય અથવા આપણો આત્મવિશ્વાસ ક્યાં જશે, કોને ખબર ! — એમ એ વિચાર કરે છે, અને પ્રાર્થના કરે છે કે, હે ભગવાન ! મારી કસોટી થાય ત્યારે તું જ મને બળ દેજે !

આ હતી ગાંધીજીની નમ્રતા.



ચારિત્ર્ય-નિર્માણની પ્રયોગશાળા

મનુશ્યના સામાજિક જીવનના પ્રારંભમાં જ કુદરતે પતિ-પત્ની અને બાળકોના સંગઠનને પ્રધાનતા આપી કુટુંબની સ્થાપના કરી છે. આવાં અનેક કુટુંબો એકત્ર આવીને પરસ્પર સહકાર્ય કરવા લાગ્યાં, ત્યારે જાતિઓ નિર્માણ થઅી. હવે વ્યાપક સંગઠનની જરૂર અુત્પન્ન થઅી છે. જાતિ-ભેદ, ભાશા-ભેદ, ધર્મ-ભેદ અને આહાર-ભેદ હોવા છતાં કેટલાંક કુટુંબોઅે સહજીવનના પ્રયોગો કરવા જોઅીઅે.

સંસ્કૃતિના જેટલા પ્રયોગો આ દેશમાં થયા, તે બધા આશ્રમો દ્વારા થયા છે. રવીન્દ્રનાથનું શાંતિનિકેતન પ્રથમ ''બ્રહ્મચર્યાશ્રમ'' હતો. સ્વામી શ્રદ્ધાનંદે આર્ય સંસ્કૃતિના અધ્યયન માટે ગંગાકિનારે એક ગુરુકુળની સ્થાપના કરી. એમનું અનુકરણ કરીને અનેક લોકોઅે જુદે જુદે સ્થળે આચાર્યકુળો સ્થાપ્યાં. વિવેકાનંદે જે અદ્વૈતાશ્રમ સ્થાપ્યો, તેમાંથી દેશમાં અનેક સેવાશ્રમો જન્મ્યા. શ્રી અરવિંદે પણ એક આશ્રમ ચલાવ્યો. ગાંધીજીઅે અન્યાયનો પ્રતિકાર કરનારા સત્યાગ્રહ જેવી આધ્યાત્મિક શક્તિનો વિકાસ આશ્રમ દ્વારા કર્યો. આ દેશમાં જેને જેને કાંઅીક નક્કર કામ કરવાનું મન થયું, તેણે પોતાનો આશ્રમ ચલાવ્યો જ છે. આ [બધી] સંસ્થાઓઅે દેશને અનેક અધ્યાપકો અને વિદ્વાનો આપ્યા છે. દેશમાં સામાજિક ક્રાંતિ કરવા અિચ્છનારા કાર્યકર્તાઓને આશ્રમજીવનના નવા પ્રયોગો કરવાની આવશ્યકતા ધ્યાનમાં આવ્યા વગર રહેવાની નથી.

ગાંધીજીના સત્યાગ્રહાશ્રમના પ્રયોગને લીધે આખા દેશમાં ચારિત્ર્યની અુન્નતિનું એક અુજ્જ્વળ વાતાવરણ નિર્માણ થયું હતું. આશ્રમ મારફત એમણે વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક જીવનનો એક અૂંચો આદર્શ દેશ આગળ મૂક્યો હતો. એનું ધ્યાન કરીને ભારતમાં ચારિત્ર્યની સર્વાંગી અુન્નતિ થવા લાગી હતી.

આજે જ્યારે દેશમાં સંકુચિતતા, સ્વાર્થ, સત્તાલોભ, પક્શાભિમાન વગેરે અસામાજિક દોશો બધે ફેલાયેલા જોઅીઅે છીઅે ત્યારે, ગાંધીજીઅે આશ્રમ મારફતે ચારિત્ર્યશુદ્ધિ અને જીવનશુદ્ધિનો જે પ્રભાવ બતાવી આપ્યો હતો એનું મહત્ત્વ નજરમાં વિશેશે કરીને આવે છે. ગાંધીજી કહેતા કે, આશ્રમ મારી સહુથી અુત્તમ કૃતિ છે.

આજે દેશની ભૌતિક પ્રગતિ થતી જાય છે, પણ ચારિત્ર્યનો નાશ થયો છે. અને ચારિત્ર્ય વિશે નિર્વીર્ય વ્યાખ્યાનો આપવામાં નેતાઓ પોતાની વાણીનો અધિકાંશ અુપયોગ કરે છે. પણ વ્યાખ્યાનોથી ચારિત્ર્ય નિર્માણ થવાનું નથી, અને કડક શિક્શા કરવાથી પણ થવાનું નથી. તેને માટે રચનાત્મક કાર્યક્રમ જોઅીઅે. એ જ હતો આશ્રમજીવનનો હેતુ.

હવે પછી જે નવા આશ્રમો સ્થપાય એમણે ગાંધીજીના આ પ્રયોગનું તટસ્થપણે ચિંતન કરી, નવી પદ્ધતિના પ્રયોગો કરવા જોઈએ. ગાંધીજીના પ્રયોગની જે મોટી ઊણપ મને લાગે છે તે એ કે એનું વાતાવરણ મુખ્યત્વે હિન્દુ હતું. વિશેશે કરીને હિન્દુઓ જ ત્યાં આવ્યા. બીજા ધર્મીઓને આશ્રમ આકર્શિત ન કરી શક્યો. એ યશ ઓછાવત્તા પ્રમાણમાં થિયોસોફિસ્ટોને અને શ્રી અરવિંદને મળ્યો. હવે જે આશ્રમો આપણે ચલાવવા જોઈએ એનું વાતાવરણ બૌદ્ધ, ખરિસ્તી, મુસલમાન અને વિદેશી લોકોને પણ આકર્શિત કરી શકે એવું ઉદાર હોવું જોઈએ. બધા ધર્મો વિશે સદ્ભાવ કેળવી, માત્ર એને પોશક એવી આધ્યાત્મિકતાનો જ આગ્રહ આપણા આશ્રમમાં રાખવો. કોઈ પણ વિશેશ ધર્મની ગૌણ વાતોને આપણા આશ્રમમાં સ્થાન ન હોય.

*

દર દસ માઈલે આશ્રમ

હિંદના ઇતિહાસનું અધ્યયન કરું છું, તેમાં હું જોઉં છું કે સાધુસંતોએ પગપાળા પ્રવાસો કરીને ભગવાનનો દયાદાનનો સંદેશો ઘેરઘેર ફેલાવીને જેટલી રાશ્ટ્રસેવા કરી છે, તેટલી બીજા કોઈએ કરી નથી. યુરોપ, ચીન, જાપાન જેવા વિદેશોમાં પણ પ્રજાનું ચારિત્ર્ય ઘડનારા સાધુસંતો જ થઈ ગયા છે.

એ જ જૂના સંતોની કાર્યપદ્ધતિમાં આપણે સેવાભાવનાનો ઉમેરો કરીએ છીએ. આપણે જૂના વિચારો બદલીને નવા લઈશું, પણ નિશ્ઠા તો જૂના જેવી જ હોવી જોઈએ.

ગ્રામસેવકો ગામડામાં બેસે તેમણે સમગ્ર દ્રુશ્ટિએ કામ કરવાનું છે. આપણે એવી લાયકાત કેળવવી જોઈએ કે લોકોને તેમના તમામ પ્રશ્નોમાં યોગ્ય દોરવણી આપી શકીએ.

આવી લાયકાત મેળવવા માટે ગ્રામસેવકોને યોગ્ય કેળવણી મળવી જોઈએ. એવા રાશ્ટ્રસેવકો તૈયાર કરવા ખાતર જ ગાંધીજીએ સાબરમતીમાં આશ્રમ કાઢ્યો હતો. આજે આવા ચારિત્ર્યવાન સેવકો તૈયાર કરવા માટે આશ્રમોની જરૂર છે. દર દસ માઈલે આવા આશ્રમો હોવા જોઈએ. તો જ આપણું સ્વરાજ ટકવાનું છે.

*

એકલો

સત્યનો અનન્ય ઉપાસક એકલો જ હોઈ શકે. દક્ષિણ આફ્રિકામાં એક વાર એક ગોરો ગાંધીજીને મળવા આવ્યો. બોલ્યો : "મિસ્ટર ગાંધી, હું તમારો એક પ્રશંસક છું—'છું' કહેવા કરતાં 'હતો' કહેવું જોઈએ. મારા મનમાં તમારે માટે અસીમ ભક્તિ હતી. હવે તે રહી નથી. તમને હું એક મહાન આધ્યાત્મિક પુરુષ માનતો હતો. અને મારો દૃઢ મત છે કે જેના જીવનમાં શુદ્ધ અધ્યાત્મ હોય છે, એને લોકો માનતા નથી હોતા. એમને વિશે અનેક ગેરસમજ ફેલાય છે અને તેને એકલા પોતાને રસ્તે જવું પડે છે. તમે આજ સુધી તેવા હતા, પણ હવે નથી. આજે અનેક લોકો તમારી પાછળ ચાલવા લાગ્યા છે. તમે કહો છો તે લોકો માને છે. આ ઉપરથી મને લાગવા માંડ્યું છે કે હવે તમારી પાસે શુદ્ધ સત્ય નથી. એમાં 'વહેવાર' પણ થોડોક ભેળાયો હોવો જોઈએ. તે ગમે તેમ હો; તમને દુનિયામાં યશ મળતો રહેશે, પણ મારી ભક્તિ મળવાની નથી."

ગાંધીજીએ જેમની એકનિષ્ઠાથી અખંડ સેવા કરી, તેમાંથી કેટલા લોકો છેલ્લે છેલ્લે એમનું કહેલું માનવા તૈયાર હતા ? ગાંધીજીનો યશ જોઈને ગાંધીજી પરની પોતાની ભક્તિ નષ્ટ થઈ, એવું કહેનારો પેલો ગોરો જીવતો હોત તો ગાંધીજીના છેલ્લા દિવસો જોઈ એણે અવશ્ય કહ્યું હોત કે ક્રૉસ પર ચડનારા યેશૂનો જ આ આધુનિક અવતાર છે.

*

જર્મન કવિ ગટેએ કહ્યું છે કે, વિભૂતિમાન પુરુષો કોઈના મિત્ર થઈ શકતા નથી. એમની સાથે સંબંધમાં આવ્યા હોય એ લોકો વિભૂતિમાન પુરુષ પ્રત્યે વફાદારી અવશ્ય કેળવે, પણ એ લોકો જો તે વફાદારીના બદલામાં સામેથી વફાદારી માગે તો તેઓ ભૂલ કરે છે.

ગાંધીજી કહે છે કે સાચો મોક્ષાર્થી માણસ કોઈનો જ મિત્ર ન થઈ શકે, અથવા આખા જગત સાથે એની મૈત્રી હોય છે.

*

શ્રદ્ધાનું પ્રતિબિંબ

મનુશ્યપ્રાણીએ કેટલોયે અન્યાય કર્યો હોય અને કેટલાંયે પાપ કર્યાં હોય,
તોપણ મનુશ્ય એ મનુશ્ય છે; તેને આખરે ધર્મનો રસ્તો સૂઝશે જ,
એવી ગાંધીજીની અમર શ્રદ્ધા છે.
એ શ્રદ્ધાથી જ તેઓ બધું સહન કરે છે,
અને સહન કરીને પોતાની શ્રદ્ધા બીજામાં રેડે છે.
તેમનું બાળક જેવું નિર્મળ મુક્ત હાસ્ય એમની એ શ્રદ્ધાનું જ પ્રતિબિંબ છે.
લોકવાર્તામાં જે વર્ણન આવે છે કે
પવિત્ર પુરુશોના હાસ્ય સાથે પુશ્પ અને મોતીના પોશ ઝરે છે,
તે ગાંધીજીના હાસ્યમાં ચરિતાર્થ થયું છે.
કેટલાક પાસે વિશ્વવિજયી તલવાર હોય છે,
કેટલાક પાસે વિશ્વમોહિની ચતુરાઈ હોય છે, કેટલાક પાસે વિશ્વવશી રૂપ હોય છે,
કેટલાક પાસે વિશ્વભયંકરી સત્તા હોય છે. ગાંધીજી પાસે આમાંનું એકે નથી.
તેમની પાસે ફક્ત વિશ્વપ્રેમી હાસ્ય છે—
અને તે એક હાસ્યની અંદર બધી શક્તિઓ સમાયેલી છે.
આ પવિત્ર હાસ્યે ચોર-લૂંટારા અને ખૂની લોકોને
સમાજના હિતેચ્છુ બનાવ્યા છે, ધૂર્તોને લજ્જિત કર્યા છે,
પારકાંને પોતીકાં બનાવ્યાં છે, બગડેલાંઓને સુધાર્યાં છે,
કટ્ટર વિરોધીઓને દિલોજાન દોસ્ત બનાવ્યા છે.

*

આજના કાળમાં ગાંધી

ગાંધીજીની અસર નીચે જેમણે કામ કર્યું છે તેમાંના જ કેટલાક લોકો પૂછવા લાગ્યા છે કે, ગાંધીજીએ જે કાર્યક્રમ ચલાવ્યો હતો તેમાંનું આજે કેટલું ચલાવવા જેવું છે ?

તો, ગાંધીજીએ જે કાર્યક્રમ ચલાવ્યા તે જ આજે તેમના તેમ ચલાવવા જોઈએ એવું નથી. એમાં પરિવર્તન કરી શકાય. કાળ બદલાયો છે.

પણ જેને ''આજ'' કહો છો, તે કાળનું વૈશિષ્ટ્ય શું છે ? ગાંધીજીએ પોતાનાં બધાં કામોમાં સત્યનો આગ્રહ રાખ્યો. સત્યથી મોટી બીજી કોઈ જ વસ્તુ નથી, એમ તેઓ કહેતા. [હવે] તમારું શું એમ કહેવું છે કે ગાંધીજીના સમયમાં સત્યનું પાલન ઇશ્ટ હતું, પણ આજે અનિશ્ટ છે ? અસત્ય ચલાવીને જ આગળ જવું જોઈએ, એમ ''આજ''ના કાળનું કહેવું તો નથી ને ? અન્યાય વિરુદ્ધ લડવું, એ ગાંધીજીના સમયમાં ચાલ્યું. [તો] આજે એ ચાલવાનું નથી કે શું ? કેટલાક ડાહ્યા લોકો પૂછે છે કે ખાદીનો તમારો આગ્રહ હજી પણ છે ? હું કહું છું કે બધાને કામ આપવા સરકાર બંધાયેલી છે. ખાદીને બાજુએ રાખીને સરકાર બધાને કામ આપી શકે એમ હોય, તો આપણે ખાદી જરૂર છોડી શકીએ.



સ્તુતિ નહીં, અનુકરણ

આપણા દેશમાં કોઅી પણ માણસમાં સહેજ પણ ચમકારો દેખાય કે તરત એને માટે ભક્તિની ભાશા વાપરી લોકો એને અવતારી પુરુશ બનાવી દે છે. અને એ માણસ જો આખા સમાજ અુપર અસર પાડનારો હોય, તો તો પૂછવું જ શું ? એને અવતારી પુરુશ તરીકે જાહેર કરી, એણે કરેલા અથવા ન કરેલા ચમત્કારોનાં વર્ણન આગળ એનું સાચું જીવન ઢંકાઅી જાય છે. બીજા લોકોની વાત તો છોડી દઅું. આશ્રમનાં અમારાં અુત્તમ સાથી પ્રેમાબહેન કંટકે 'મહાભારત અુપર એક મુક્તચિંતન' લખ્યું છે. અને એને માટે એમણે અમારા જ આશ્રમના પ્રમુખ સાથી વિનોબા ભાવેની પ્રસ્તાવના લીધી છે. ચોપડીમાં પ્રેમાબહેને શ્રીક્રુશ્ણનું ચરિત્ર અુપસ્થિત કરવાનો સરસ પ્રયત્ન કર્યો છે. એને અંગે વિનોબા લખે છે :

''પ્રેમાબાઅીએ ગાંધીજીની પણ અવતારમાં ગણના કરી છે તે જોઅીને, મહાત્માજી અુપર એમ કહેવાનો પ્રસંગ આવવાનો કે 'ભગવાન મારા મિત્રોથી મને બચાવો.' ગાંધીજીના આખા જીવનમાં એક્કે અમાનવીય ચમત્કાર બનેલો નથી.''

મેં તો અનેક વાર કહ્યું છે કે અમે ગાંધીજીના પ્રસંગમાં આવ્યા, એટલે પોકારીને કહીશું કે મહાત્માજી માણસ જેવા માણસ હતા. એમનામાં માણસની નાની નાની અૂણપો પણ હતી. પણ અખંડ જાગ્રત જીવનસાધના દ્વારા તેઓ શ્રેશ્ઠ પુરુશ થયા. અને આખી દુનિયાએ એમને 'મહાત્મા' તરીકે ઓળખ્યા.

આપણી કલ્પનાના અવતાર તો પૂર્ણપુરુશ પરમાત્મા. માનવના અુદ્ધારને અર્થે મનુશ્યરૂપ ધારણ કરીને પોતાની લીલા ચલાવે છે. પણ ખરેખર એ દૈવીશક્તિ માનવનું રૂપ ધારણ કરી લીલા ચલાવે છે. સામાન્ય માનવો એમના જીવનમાંથી અનુકરણ કરવા જેવું શોધવાની હિંમત શી રીતે કરી શકે ?

ગાંધીજી એવા 'આવેલા' પુરુશ ન હતા કે જેમનું અનુકરણ કરાય જ નહીં. ગાંધીજી પોતે માનવ હોઅી, ''સામાન્ય માનવ પણ સેવા કરતાં કરતાં, ધારે તો કેટલો અૂંચો ચડી શકે છે'' એનો એક અુત્તમ દાખલો એમણે રજૂ કર્યો છે.

સનાતની હિંદુ ધર્મમાં અવતારની કલ્પના છે. એની સામે બૌદ્ધો કહે છે : કોઅી પણ જીવ સંકલ્પ કરે કે, મારે બુદ્ધ થવું છે, બુદ્ધત્વની બધી સાધના હું કરતો જઅીશ. પછી એ બુદ્ધત્વ પ્રાપ્ત કરવા માટે જુદા જુદા ગુણો કેળવે છે. એ ગુણોનો પરિપૂર્ણ અુત્કર્શ થાય એટલે એ બુદ્ધ થાય છે. આ રીતે કોઅી પણ સામાન્ય જીવ જો સંકલ્પ કરે, અને

તે પ્રમાણે તપસ્યા કરે, તો એ જરૂર બુદ્ધ થવાનો જ.

આ આદર્શ તમામ માનવો આગળ રાખવા જેવો છે.

ગાંધીજીને અવતારી પુરુશ કહીએ, તો તેઓ અનુકરણથી પર બને છે. જો આપણે એમને મહાત્મા કહીએ, તો એમનું જીવન માણસ માટે અનુકરણ કરવા જેવું હોય છે.

ગાંધીજી અનેક વાર સાથીઓને કહેતા કે, ''મારામાં જો કોઈ સારાપણું તમે જુઓ તો મારી સ્તુતિ કરવા નહીં બેસતા : મારું અનુકરણ કરો.''

*

સ્વરાજ

મારે મન સ્વરાજ એટલે
દેશના અલ્પમાં અલ્પ બંધુને માટે સ્વતંત્રતા.
અંગ્રેજની ઝૂંસરીમાંથી જ હિંદુસ્તાનને બચાવવામાં મને રસ નથી.
મારી તો હિંદુસ્તાનને કોઈ પણ ઝૂંસરીમાંથી બચાવવાની ટેક છે.
ભૂત કાઢીને પલિત સ્થાપવાની મારી જરાયે અિચ્છા નથી.
એટલે જ મારે માટે તો
સ્વરાજની પ્રવ્રુત્તિ એ આત્મશુદ્ધિની પ્રવ્રુત્તિ છે.
સત્યને, એટલે ઈશ્વરને, છોડીને હિંદુસ્તાનનું ભલું નથી ચાહતો,
કારણ મને વિશ્વાસ [ખાતરી] છે કે જે માણસ ઈશ્વરને ભૂલી શકે છે
તે દેશને [પણ] ભૂલી શકે છે.
આપણી પડતીની સ્થિતિનાં કારણો તપાસતાં જણાશે કે
તેમાં સરકારના કરતાં આપણો હાથ વધારે છે.
આપણામાં સડો ઓછો ધોવાનો નથી.
તે બધી બાબતોનો નિકાલ કરતાં આવડે,

એનું જ નામ સ્વરાજ,
સ્વરાજનો અર્થ જ પ્રજાપુરુશાર્થ છે.
છાતીમાં ગોળી ખાવી, એ એટલું કઠણ કામ નથી;
પણ રોજેરોજ કામ કરવું, ક્શણે ક્શણે પોતાની સાથે લડાઈ કરવી,
પોતાની આત્મશુદ્ધિ કરવી, એ કઠણ કામ છે.
કેટલાક લોકો અધિકારની લગામ મેળવી લે તેથી નહીં,
પણ અધિકારની સામે થવાની શક્તિ બધા લોકોએ મેળવ્યાથી જ
ખરું સ્વરાજ મળવાનું છે.
જીવનની એકેએક બાબતના નિયમન માટે
લોકો સરકાર તરફ જ તાકતા રહે,
તો એવી સરકાર દુખરૂપ જ બનશે.
સ્વરાજનો અર્થ છે
સરકારના અંકુશમાંથી સ્વતંત્ર થવાનો સતત પ્રયાસ.
પછી એ સરકાર પરદેશી હોય કે રાશ્ટ્રીય.

*

હિંસા

ચાહે તેટલા ઉમદા ધ્યેયને અર્થે વાપરવામાં આવેલાં
દ્વેશ અને હિંસા કેવળ દ્વેશ અને હિંસા પેદા કરે છે.
આપણે વિદેશી રાજકર્તાઓ સામે હિંસા વાપરીએ,
તો તે પછીનું સ્વાભાવિક પગલું એ હશે કે
આપણે જેમને દેશની પ્રગતિમાં બાધા નાખનારા ગણી શકીએ
એવા આપણા પોતાના લોકો પ્રત્યે પણ આપણે હિંસા આચરશું.
જેઓ સુધારા માટે તૈયાર નથી એવા લોકો,
તેમના ઉપર બળજબરી થતાં ગુસ્સાથી ગાંડા બનશે,
અને વેર લેવા માટે વિદેશીઓની સહાય શોધશે.
નિશ્શસ્ત્ર પ્રતિકારની પદ્ધતિ સૌથી વધુ સલામત છે,
કેમ કે ધ્યેય સાચું ન હોય તો
વેઠવાનું કેવળ એવો પ્રતિકાર કરનારાઓને જ હોય છે.

સુધારો

હિંદુસ્તાનની અત્યારે રાંકડી દશા છે.
તે કહેતાં મારી આંખમાં પાણી આવે છે.
હિંદુસ્તાન આજકાલ [પશ્ચિમના] ''સુધારા'' નીચે કચરાયેલું છે,
તેની ઝડપ(ઝપટ)માં આવી ગયું છે.
શરીરનું સુખ કેમ મળે, એ જ સુધારો શોધે છે.
''સુધારા''ની ખૂબી એ છે કે
માણસો સારું માનીને તેમાં ઝંપલાવે છે.
''સુધારો'' તો અંદરની જેમ ફૂંકીને ફોલી ખાય છે.
જેમ જેમ હું અવલોકન કરું છું, તેમ તેમ
મને આધુનિક જીવન પ્રત્યે અસંતોશ વધતો જાય છે.
ચામડી અુખેડતા, બાળતા, નાકકાન કાપતા,
એ જંગલીપણું હતું.
પણ આધુનિક જુલમ તો મોહજાળ છે,
તેથી તે વધારે ખરાબી કરે છે.
એક માણસના સ્વતંત્ર જુલમને પહોંચી શકાય.
પણ લોકોને નામે લોકો અુપર જુલમ થાય,
તેને પહોંચી વળવું બહુ મુશ્કેલ છે.
લોકોની પાસે કંઅી પણ કામ કરાવવું હોય
તો ધીરજ રાખવી જોઅીએ;
સુધારાની ગરજ રહી સુધારકને પોતાને;
જે સમાજમાં તે સુધારો અિચ્છે છે ત્યાંથી તો
તેણે વિરોધની ને જાનના જોખમની પણ આશા રાખવી રહી.
સુધારક જેને સુધારો માને,
તેને સમાજ કુધારો કાં ન માને ?
જેમ દિવસ જાય છે, તેમ પ્રજા ઘડાય છે.
પ્રજા કંઅી એક દહાડામાં થતી નથી.

*

શ્રદ્ધાનું પ્રતિબિંબ

મનુષ્યપ્રાણીએ કેટલોયે અન્યાય કર્યો હોય અને કેટલાંયે પાપ કર્યાં હોય,
તોપણ મનુષ્ય એ મનુષ્ય છે; તેને આખરે ધર્મનો રસ્તો સૂઝશે જ,
એવી ગાંધીજીની અમર શ્રદ્ધા છે.
એ શ્રદ્ધાથી જ તેઓ બધું સહન કરે છે,
અને સહન કરીને પોતાની શ્રદ્ધા બીજામાં રેડે છે.
તેમનું બાળક જેવું નિર્મળ મુક્ત હાસ્ય એમની એ શ્રદ્ધાનું જ પ્રતિબિંબ છે.
લોકવાર્તામાં જે વર્ણન આવે છે કે
પવિત્ર પુરુશોના હાસ્ય સાથે પુશ્પ અને મોતીના પોશ ઝરે છે,
તે ગાંધીજીના હાસ્યમાં ચરિતાર્થ થયું છે.
કેટલાક પાસે વિશ્વવિજયી તલવાર હોય છે,
કેટલાક પાસે વિશ્વમોહિની ચતુરાઈ હોય છે,
કેટલાક પાસે વિશ્વવશી રૂપ હોય છે,
કેટલાક પાસે વિશ્વભયંકરી સત્તા હોય છે.
ગાંધીજી પાસે આમાંનું એકે નથી.
તેમની પાસે ફક્ત વિશ્વપ્રેમી હાસ્ય છે—
અને તે એક હાસ્યની અંદર બધી શક્તિઓ સમાયેલી છે.
આ પવિત્ર હાસ્યે ચોર-લૂંટારા અને ખૂની લોકોને
સમાજના હિતેચ્છુ બનાવ્યા છે, ધૂર્તોને લજ્જિત કર્યા છે,
પારકાંને પોતીકાં બનાવ્યાં છે, બગડેલાંઓને સુધાર્યાં છે,
કટ્ટર વિરોધીઓને દિલોજાન દોસ્ત બનાવ્યા છે.

કાકા કાલેલકર

*

લોકમિલાપ ટ્રસ્ટ
રૂ. 10